Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૫૦ • તા. ૮ થી ૧૪ ડિસેમ્બર ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14

## મુંબઈ મહાજનશ્રી આયોજીત કેરાલા-તામીલનાડુ યાત્રા પ્રવાસ



કોચીન મહાજન દ્વારા ઢોલ-નગારાથી સ્વાગત



કોચીન મહાજન દ્વારા મુંબઈ-પ્રમુખશ્રીનું સ્વાગત



મુંબઈ મહાજન પ્રમુખશ્રી દ્વારા દીપ પ્રાગટ્ય



પ્રમુખ શ્રી નયનભાઈ ભેદાનું બહુમાન



યાત્રા સમિતિ કન્વીનર શ્રી કુમારભાઈ દંડનું બહુમાન




શ્રી નયનભાઈના હસ્તે કોચીન મહાજન પ્રમુખશ્રીનું બહુમાન



શ્રી કિશોર કુરવાના હસ્તે પ્રમુખશ્રીને સ્મૃતિભેટ



માનદમંત્રી શ્રી ચેતન મોતાને બહુમાન સંભારણું



શ્રી કુમાર દંડને સંઘયાત્રાનું સંભારણું



કોચીનના યુવાઓ દ્વારા પ્રમુખશ્રીનું અભિવાદન



તીરપૂર મહાજન દ્વારા યાત્રિકસંઘનું બહુમાન



મુંબઈ મહાજન પ્રમુખશ્રી દ્વારા સ્વ. સુનીલ ડાઘા પરિવારનું બહુમાન

# શ્રી મુંબઈ મહાજન યોજીત કેરાલા-તામીલનાડુ પ્રવાસમાં જ્ઞાતિજનો સાથે સ્નેહમિલનો


અલપઈ સંઘ સાથે મુંબઈ મહાજનનું સ્નેહમિલન


કોઈમ્બતુર મહાજન દ્વારા મંત્રી શ્રી ચેતન મોતાનું બહુમાન


કોઈમ્બતુર મહાજન દ્વારા મંત્રી શ્રી કુમાર દંડનું બહુમાન


સંઘ દ્વારા મુંબઈ મહાજન વ્ય. સમિતિ સભ્યનું બહુમાન


સંઘ દ્વારા મુંબઈ મહાજન વ્ય. સમિતિ સભ્યનું બહુમાન


કોઈમ્બુતરમાં યાત્રિકસંઘ સાથે સ્નેહમિલન


કોઈમ્બુતરમાં યાત્રિકસંઘ સ્નેહમિલનમાં બહેનો


કોઈમ્બતુરમાં શ્રી નયનભાઈ ભેદાનું બહુમાન


સ્નેહમિલન પ્રસંગે ઉપસ્થિત જ્ઞાતિજનો


કોચીનમાં સ્નેહમિલન પ્રસંગે મંચસ્થ મહાનુભાવો


પર્યટનની મોજ માણતા યાત્રિક સભ્યો


ફુલોની સુગંધ માણતી યાત્રિક બહેનો


કોચીન સ્નેહમિલનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો


યાત્રિક સંઘને આવકારતા કોચીનવાસીઓ


યાત્રા દરમ્યાન આનંદનું પ્રતિક-પુર્ણ ખીલેલું કમળ

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 50 / 2012**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## "ધ્યાન" જૈન દર્શનની દૃષ્ટિએ

*– પ્રવીણ ખોના (મુંબઈ)*

વ્યવહારિક અને આધ્યાત્મિક બન્ને દ્રષ્ટિએ "ધ્યાન" શબ્દનું મહત્વ છે. સાદી ભાષામાં "ધ્યાન" નો અર્થ થાય છે ચીત્તની લીનતા કે એકાગ્રતા. વિદ્યાર્થીનું અભ્યાસમાં ધ્યાન ન હોવું કે દિકરાનું ધંધામાં ધ્યાન ન હોવું કે પત્નિની વાતોમાં પતિનું ધ્યાન ન હોવું એટલે અભ્યાસ, ધંધો કે પત્નિની વાતોને ગંભીરતાથી ન લેવી. સારા બેટ્સમેનનું ફેંકાતા દરેક બોલ પ્રત્યે સંપૂર્ણ ધ્યાન હોય છે. બેટીંગ કરતાં એ સંપૂર્ણ રીતે એકાગ્ર હોય છે. અન્ય કોઈ બાબત પ્રત્યે એનું લક્ષ હોતું નથી. આ છે **"ધ્યાન"** શબ્દનો વ્યવહારિક ઉપયોગ.

અધ્યાત્મિક દૃષ્ટિએ ધ્યાન એટલે અધ્યાત્મિક બાબતમાં એકાગ્રતાકે લીનતા. દરેક બાબતમાં નિપૂણતા મેળવવા માટે ચિત્તની એકાગ્રતા અનિવાર્ય છે. પતંજલીએ રચેલ યોગશાસ્ત્રમાં ધ્યાન એ આઠમાંથી સાતમું એટલેકે સમાધિથી આગલું ચરણ છે. એ દૃષ્ટિએ "ધ્યાન" શબ્દ વિચારીએ તો તરતજ આપણા મનઃચક્ષુ સમક્ષ પદમાસન, અર્ધપદ્માસન કે સુખાસનમાં બેઠેલ વ્યક્તિ જેની સમક્ષ એક દિવો કે મિણબત્તી બળતી હોય કે કોઈ છબી કે મૂર્તિ પડેલી હોય, આંખો મિંચેલી હોય અને તે મનમાં કે ધીરેથી કોઇક મંત્ર કે પ્રાર્થના કે પ્રભુનામ બોલતી હોય, એ દૃશ્યમાન થાય છે. સામાન્ય ભાષામાં આપણે એને ધ્યાન ધરવું કહીએ છીએ. આજુબાજુ સઘળું વાતાવરણ અવગણીને પ્રભુમાં કે પોતાના આત્મામાં એકાકાર કે લીન થઈ જાય છે, અને સમાધિ તરફ આગળ વધે છે. કાઉસગ્ગ્, પ્રેક્ષાધ્યાન, કાયોત્સર્ગ, માળા ફેરવવી કે નવકારવાળી ગણવી એ "ધ્યાન"ના જ પ્રકારો છે. એમાં એકાગ્રતા વધતે ઓછે અંશે હોઈ શકે છે. જરુર છે સંપૂર્ણ માનસિક એકાગ્રતાની. અન્ય બાબતો મનમાંથી બહાર હડસેલીને ચિત્તને લીન કરવું કે એકાગ્ર કરવું એ છે "ધ્યાન" શબ્દનો આધ્યત્મિક અર્થ કે ઉપયોગ.

કોઈ પણ સિધ્ધિ હાંસલ કરવા માટે. વ્યવહારિક કે આધ્યત્મિક જીવનમાં ચિત્તની એકાગ્રતા કે લીનતાનું મહત્વપૂર્ણ સ્થાન છે.

"ધ્યાન"થી ચિત્તની એકાગ્રતા આવે છે, ચિત્તની વૃત્તિઓ સ્થિર થાય છે, જેને કારણે માનસિક શક્તિમાં ખૂબજ વધારો થાય છે. મહાવીરસ્વામી સાડાબાર વર્ષ, અર્ધા કલાકના એક ઝોકા શીવાય, ચોવીસેય કલાક કાઉસગ્ગમાં ઉભા રહીને મહાન સિધ્ધિ પ્રાપ્ત કરી. વિપશ્યના પણ એક પ્રકારનું ધ્યાન જ છે. જેમાં શરીરને પણ ભૂલી જવાનું રહે છે. જેવી રીતે નદીમાં વહેતા પાણીના પ્રવાહને રોકી બંધમાં એકત્રીત કરી. તેમાંથી વિદ્યુત પેદા કરવામાં આવે છે, તેવી જ રીતે ચિત્તને એકત્ર કરવાથી માનસિક શક્તિમાં વધારો થાય છે. ધ્યાનથી સંકલ્પશક્તિ વધે છે, વિલપાવર મજબૂત થાય છે.

આદયાત્મિક શક્તિનો વિકાસ ધ્યાન વગર અસંભવ છે. જૈન દર્શન માને છે કે, દરેક આત્મામાં અનંત શક્તિ ભરેલી છે. દુનિયામાં જે મહાન પુરૂષો થઈ ગયા છે તેમના આત્મામાં અને આપણા આત્મામાં કંઈ પણ અંતર નથી. તેવીજ રીતે તિર્યંચ, નરક ગતિના તથા નિગોદના જીવોના આત્મા અને સિધ્ધ ભગવાનના આત્મામાં કંઈજ અંતર નથી. તેથીજ તિર્યંચ, નરક અને નિગોદના જીવો સિધ્ધ ભગવાન બનવાની શક્તિ ધરાવે છે, જેવીરીતે નાનું બીજ મોટું વટવૃક્ષ બનવાની શક્તિ ધરાવે છે. ફરક માત્ર એટલોજ કે, સિધ્ધ ભગવાને આત્મશક્તિનો પૂર્ણ વિકાસ કરેલ છે. જ્યારે અન્યો આત્મશક્તિ પર પડેલા કર્મોના આવરણોને હટાવવામાં નિષ્ફળ ગયા છે. આ આવરણને હટાવવા માટે ધ્યાનનું યોગદાન મહત્વપૂર્ણ છે.

સર્વે દર્શનોમાં ધ્યાનને ખૂબજ મહત્વ આપવામાં આવેલ છે. પરંતુ જૈન દર્શનમાં ધ્યાનનું જે વિસ્તૃતિકરણ અને વિશ્લેષણ કરવામાં આવેલ છે તે અજોડ છે.

ચિત્તની એકાગ્રતા અખંડરૂપે જળવાય તેને ધ્યાન કહેવામાં આવે છે. જેવી રીતે પાણીની પડતી ધારા દા.ત. ધોધ, અતૂટ રહે અને વચમાં તૂટે નહીં તોજ એને ધારા કહેવામાં આવે છે. પરંતુ જ્યારે પાણી ટૂકડે ટૂકડે પડે ત્યારે એને ધારા કહેવામાં આવતી નથી. વચમાં ધ્યાનની એકાગ્રતા કે અખંડતા તૂટીને ચિત્ત ચંચલ બની જાય ત્યારે તે ધ્યાન શુભ હોય તો તેને ભાવના કહેવામાં આવે છે. અને અશુભ હોય તો તેને ચિંતા કહેવામાં આવે છે. ખંડીત ચિતધારાને "ધ્યાન" ન કહી શકાય. કોઇક વિષયમાં ચિત્તની એકાગ્રતામાંથી પાછાં ફરતાં-બહાર નીકળતાં એ વિષય અંગે વધુ ઊંડું વધુ વિસ્તૃત ચિંતન-મનન કરાય એને **અનુપ્રેક્ષા** કહેવાય છે.

જ્યારે કોઈ વ્યક્તિ કોઈ વસ્તુનો દા.ત. દિવો, કે કોઈ ફોટાનો અલંબન લઈને, બહારની વસ્તુઓના વિક્ષેપ કે અવરોધને અવગણીને કોઈ વિચારધારામાં ઉંડો ડૂબી જાય છે ત્યારે તેના ચિત્તમાં એકાગ્રતા ઉત્પન્ન થાય છે. તેના ચિત્તની ભાગ દોડ બંધ થઈ જાય છે જે વિષય પર એનું ચિત્તસ્થિર થયું હોય તેનું સંપૂર્ણ માનસ ચિત્ર કે પ્રતિબિંબ એના ચિત્તમાં ઝળકી ઊઠે છે. સફળતા માટેનું આ ખૂબજ અગત્યનું પાસું છે. એની વધારે અગત્યતા આધ્યાત્મિક બાબતો માટે છે. જ્યારે કોઈ પ્રભુનું ધ્યાન ધરવા બેસે અને ધ્યાનમાં એ સંપૂર્ણ લીન કે એકાગ્ર થઈ જાય તો પ્રભુની પ્રતિમા એના માનસપટ પર અંકતિ થઈ જાય છે. તેને ઘણા સંતો સાક્ષાત્કાર' તરીકે વર્ણવે છે. ભગવાનમાંની લીનતા કે એકાગ્રતા આવી પરિસ્થિતિ ઊભી કરી દે છે. સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે એકાગ્રતાની ફક્ત એકજ ક્ષણ પૂરતી છે. જરૂરત છે, મનના ભાવ એમાં સંપૂર્ણ રીતે ભળવાની.

"ધ્યાન" અંગે મૂળ પાઠ સ્થાનાંગસૂત્ર નામના આગમમાં મળે છે. બાદમાં ઉમાસ્વાતિએ તત્વાર્થધિગમ સૂત્રમાં અને હરિભદ્ર અને હેમચંદ્રસૂરીએ વિવિધ ગ્રંથોમાં આ વિષે સારા જેવા વિવેચનો લખેલ છે. આચાર્ય જીનભદ્ર ગણિએ "ધ્યાન સતક" ગ્રંથમાં લંબાણપૂર્વક વિવેચન કરેલ છે. બીજા અનેક આચાર્યોએ પણ એ વિષયપર વિવેચનો લખેલ છે.

**ચિત્તની એકાગ્રતાની અવધિ :**

જ્ઞાનીઓએ કહેલ છે, અને અત્યારના મનોવિજ્ઞાનીઓ પણ એ બાબતથી સંમત થાય છે કે, એક વિષય પ્રત્યેની ચિત્તની એકાગ્રતા વધુમાં વધુ એક અંતમુર્હત = બે ઘડી = ૪૮ મીનીટ સુધીજ ટકે છે. ત્યારબાદ ચિત્ત ચંચળ બની જાય છે. એજ કારણસર પ્રતિક્રમણ/સામાઇકનો સમય બે ઘડી/૪૮ મીનીટનો રાખવામાં આવેલ છે. શાળા કોલેજના પીરીયડનો તથા અન્ય સંભાષણોનો સમય પણ ૪૫ મીનીટનો રાખવામાં આવે છે. ૪૫ મીનીટ બાદ ચિત્ત ચંચળ બની જાય છે અને એકાગ્રતા તૂટી જાય છે. થોડા સમયની નિશ્ક્રીયતા બાદ ફરથી એકાગ્રતા પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ. આ નિયમ જેઓ વિતરાગ (સર્વજ્ઞ) નથી તેમનેજ લાગુ પડે છે. વિતરાગ (સર્વજ્ઞ) માટે તો ધ્યાનનું સ્થિરપણું દીર્ઘકાળ સુધી રહે છે. તેમને માટે મન, વચન અને કાયાની સ્થિરતાં એજ ધ્યાન છે. શુક્લ ધ્યાન શિવાય એમને અન્ય કોઈ ધ્યાન હોતું જ નથી.


**ધ્યાનના પ્રકારો :** જૈન દર્શનમાં ધ્યાનના ચાર પ્રકારો બતાવવામાં આવેલ છે. ૧) આર્તધ્યાન, ૨) રૌદ્રધ્યાન, ૩) ધર્મધ્યાન અને ૪) શુક્લ ધ્યાન. પ્રથમ બે ધ્યાન અશુભ કે અપ્રશસ્ત છે.

જ્યારે પાછળના બે ધ્યાન શુભ કે પ્રશસ્ત છે. બાર પ્રકારના તપમાં ધ્યાન પણ એક તપ છે. જીવના ચિત્તવૃત્તિ જ્યારે એકાગ્ર બને ત્યારે એ સ્થિતિને ધ્યાન કહે છે. પંરતુ જ્યારે ચિત્તવૃત્તિ ચંચળ બને ત્યારે તેને ચિંતાભાવના કે અનુપ્રેક્ષા કહેવામાં આવે છે. અશુભ ધ્યાનતા ચિત્તની ચંચળતા ચિંતા કહેવાય છે, જ્યારે શુભ ધ્યાનના ચિત્તની ચંચળતા ભાવના કહેવાય છે. ધ્યાનમાંથી બહાર નીકળ્યા બાદ એ વિષય પર વધુ ચિંતન-મનન કરવામાં આવે તો તેને અનુપ્રેક્ષા કહેવામાં આવે છે. અનુ એટલે પાછળથી અને પ્રેક્ષા એટલે ચિંતન-મનન.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જે અશુભ અને અપ્રશસ્ત ધ્યાન છે તે આપણી ભવાટવી વધારીને મુક્તિને દૂર ઠેલે છે, જ્યારે ધર્મધ્યાન અને શુક્લધ્યાન જે શુભ અને પ્રશસ્ત ધ્યાન છે તે આપણી ભવાટવી ટૂંકાવીને મુક્તિને નજીક લાવે છે. કર્મબંધ અને મુક્તિ બન્ને માટે ધ્યાન ખૂબજ અગત્યનો ભાગ ભજવે છે. ધ્યાનને આત્મા સાથે સીધો સંબંધ છે, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન આપણો સંસાર વધારે છે, જ્યારે ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન મોક્ષના કારણ બને છે.

***(ક્રમશઃ)***

K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676



## મુંબઈ મહાજનશ્રી યોજીત તામીલનાડુ-કેરાલા ધાર્મીક યાત્રા-પ્રવાસ

તા.૧૬-૧૨-૧૨ના રાત્રે ૧૦.૩૦ વાગે કુર્લા ટર્મીનસથી કુર્લા-કોઈમ્બતુર ટ્રેન દ્વારા ૧૩૫ યાત્રિકો સાથે પ્રવાસ શરૂ થયો. બીજે દિવસે સવારે નવકારશી બાદ-રાયચુરમાં જમવાનું અને સાંજે ટ્રેનમાં દહી, થેપલા, કચોરીની લહેજત માણી. બીજે દિવસે તા.૧૭-૧૨-૧૨ના કોઈમ્બતુર પહોંચ્યા. સર્વે યાત્રાળુઓને ઉતારો ગુજરાતભવનમાં હતો. નવકારશી કરી સ્નાન-બાદ સેવા-પૂજા-દર્શનનો લાભ લીધો. બપોરે જમ્યા બાદ **ધ્યાનલીંગમ** ગયા. ત્યાં પીરામીડમાં ધ્યાન બાદ અન્ય જોવાલાયક વસ્તુઓ બાદ ત્યાંજ ચૌવિહાર કર્યો. રાત્રે ગુજરાતભવનમાં સ્થાનિક જ્ઞાતિજનો સાથે સ્નેહમિલન યોજયું. પ્રમુખ શ્રી અનીલભાઈ ડાઘા, સેક્રેટરી પ્રદીપભાઈ અને કાંતિભાઈ વોરા તથા અન્ય સભ્યો દ્વારા મુંબઈ મહાજનના પદાધિકારીઓનું બહુમાન કરવામાં આવ્યું. કોઈમ્બતુરમાં યુવાઓ દ્વારા જ્ઞાતિસ્તરે થતી વિવિધ પ્રવૃતિઓ કાર્યક્રમોનું Power Point Presentation દર્શાવવામાં આવ્યું. જે પ્રશંસનીય અનુમોદનીય છે. કોઈમ્બતુરમાં ગત પર્યુષણ પહેલા અચાનક અવસાન પામેલા ડો. સુનીલ ડાઘાના સેવા, સમર્પણ અને સામાજિક-ધાર્મિક ભાવનાની અનુમોદના રૂપે મુંબઈ મહાજનના પ્રમુખ દ્વારા તેમના પરિવારજનોને મોમેન્ટો આપી શ્રધ્ધાંજલીના સુમન અર્પણ કરવામાં આવ્યા. ત્યારબાદ રીટાયર્ડ ઇન્કમટેક્સ કમીશ્નર શ્રી તીલકચંદભાઈ લોડાયા દ્વારા Life Changers નામે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

ત્યારબાદ ત્યાં પધારેલ તીરપૂર મહાજન દ્વારા મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી તથા અન્ય પદાધિકારીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. મુંબઈ મહાજન દ્વારા કોઈમ્બતુર તથા તીરપૂર મહાજનના પદાધિકારીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રાસંગીક પ્રવચન અને આભારવિધિ બાદ સર્વે છૂટા પડ્યા હતા. રાત્રી રોકાણ ત્યાં જ કરેલ. સવારે નવકારશી બાદ ઉટી તરફ પ્રયાણ કર્યું. વચ્ચે મેદુપાલયમ તીર્થ દર્શન બાદ બપોરે ઉટીમાં નાહર હોટલમાં અસલ દક્ષિણનું જમણ જમ્યા. થોડો સમય ઉટીમાં બોટ-વિહાર રોઝ ગાર્ડન વગેરેની મજા માણી. સાંજે જમ્યા બાદ સવારે અલપઈ પહોંચ્યા. સ્નાન, સેવા પૂજા-દર્શન અને જમણ બાદ બેક વોટર્સમાં બોટ રાઈડનો લાભ યાત્રીકોએ લીધો. વિવિધ પ્રકારની બોટ જોતાં, ઢોલની રંગત સાથે નાળીયેર પાણીની મજા માણી હતી. પાણીમાં ચોખાની ખેતી જોઈ યાત્રીકો અચંબો પામ્યા હતા. અલપઈ મહાજન દ્વારા મુંબઈ મહાજનના પ્રમુખ તથા અધિકારીઓનું બહુમાન થયેલ. અને મુંબઈ મહાજનશ્રીએ ત્યાં ચંદ્રેશભાઈ તથા અન્ય અધિકારીઓનું બહુમાન કરેલ. ત્યાંથી મોડી સાંજે કોચીન પધારતાં સર્વે યાત્રિકોનું દક્ષિણની પારંપરિકરીતે વાજતે ગાજતે ઢોલ નગારાથી સ્વાગત થયું. અને સંઘપૂજન થયું. રાત્રે આરામ બાદ સવારે સ્નાન, સેવા-પૂજા લાભ લઈ યાત્રિકો પોર્ટ કોચીન, દરીયો જયુ ટાઉન, જોયા બાદ દેરાસરમાં કબુતરોને આહવાન, તેમની દેરાસરની પ્રદક્ષિણા અને માંગલીક બાદ ચણવાનું એવું અલૌકીક-વિરલ દશ્ય જોયું હતું અને યાત્રીકોના હાથમાંથી પણ ચણ ચણતા હતા. બપોરના સર્વે અરનાકોલમ દર્શન તથા ખરીદી બાદ સાંધ્ય ભોજન લઈ. કોચીનમાં જ્ઞાતિજનો સાથે સ્નેહમિલન કાર્યક્રમ યોજ્યો. કોચીન મહાજનના પ્રમુખ શ્રી કિશોરભાઈ કુરવા દ્વારા મુંબઈ મહાજનના અધિકારીઓનું બહુમાન થયું. અને મુંબઈ મહાજન દ્વારા પ્રમુખશ્રીનું બહુમાન કરવામાં આવ્યું. કોચીનના યુવાઓ મુંબઈ મહાજનના પ્રમુખશ્રીને હાર્દિક અભિવાદન કરી. સ્વાગત કાર્ડની ભેટ અપાઈ. જ્ઞાતિપ્રશ્નોપર ચર્ચા-વિચારણા અને સમજણપૂર્વકના સવાલ-જવાબની આપ-લે બાદ રાત્રી મુકામ કરી સવારના નવકારશી કરી કલીકટ પહોચ્યા. ત્યાં બપોરે ભોજન બાદ સ્નેહમિલન યોજયું. કલીકટ-બડગરા સંઘ દ્વારા યાત્રિક સંઘનુ બહુમાન કરાયું. અહીંના અધિકારીગણનું મુંબઈ મહાજન દ્વારા બહુમાન કરવામાં આવ્યું. ઢોલ રાંધ બાદ વાયનાડ તીર્થે જવા રવાના થયા. અને રાત્રીરોકાણ વાયનાડમાં કરી સવારે નવકારશી બાદ અનંતનાથદાદાના દર્શન કરી, Pooket લેક, ગાર્ડનની મજા માણી. ખરીદી બાદ બપોરે જમી સાંજે અર્થ ડેમ, વોટર ફોલ જોવા ગયા. રસ્તામાં ચાના બગીચા તથા હરીયાળી જોઈ યાત્રીકો આનંદ પામ્યા. સાંધ્યભોજન બાદ ઢોલ-થાળી-ભાંગડા બાદ રાત્રી આરામ કર્યો. સવારે સોચીપારા નીડલ ફોલ જોવા ગયા. ત્યાં અચાનક થયેલ વરસાદની મજા માણી હતી. વરસીતપના તપસ્વીઓને કલપેટાના અવર્ણનીય મીરર દેરાસરના દર્શનનો લહાવો મળ્યો. ઢળતી સાંજે કોઈમ્બતુર તરફ રવાના થયા. વહેલી સવારે કોઈમ્બતુર ગુજરાત ભવનમાં તૈયાર થઈ. મુંબઈ પરત આવવા પ્રયાણ કર્યું. કોઈમ્બતુર-કોચીન-કલીકટ-અલપઈમાં ત્યાંના જ્ઞાતિ કાર્યકર્તાઓના અથાગ પ્રયત્નો થકી, અને વાઇનાડમાં અભય પોલડીયાના પ્રયત્નો થકી અને સંઘમાં કાર્યકર્તાઓ તથા મહાજનની વ્ય. સમિતિનાં સભ્યોની સુંદર જહેમત અને ખંત, સેવા થકી સમગ્ર યાત્રા સફળ રહી. રસોડાખાતામાં શ્રી ચિમન દેવજી નાગડાની મહેનત દ્વારા સૌની સારી સરભરા સચવાઈ. સૌના સથવારે અને સહયોગે યાત્રા સુપેરે પાર પડી.

આ યાત્રિક સંઘમાં બીજું વરસીત કરનારા શ્રી ગુલાબ ડુંગરશી ખોના (નલીયા-સેંધવા) અને પ્રિતી ગુલાબ ખોના (સેંધવા), ખુશ્મતીબેન નવીન ખોના (વાંકુ-જલગામ) અને પાંચમુ વરસીતપ કરનારા માલતી દિલીપ લોડાયા (બાંઢિયા-કાંજુરમાર્ગ) સાથે હતા જેમની તપોભાવનાથી નિર્વિઘ્ને યાત્રા થઈ.

॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જશાપુર

## ધ્વજા મહોત્સવ તથા ૧૮ અભિષેક અનુષ્ઠાન પ્રસંગે

## સર્વે ગામવાસીઓ તથા ગામની નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ

આપણા જિનાલયની પુનઃપ્રતિષ્ઠા બાદ પ્રથમ ધ્વજા મહોત્સવ નિમિતે અઢાર અભિષેક અનુષ્ઠાન બુધવાર તા.૨૭-૧-૧૩ના મહા વદના નિર્ધારીત થયેલ છે. આ પ્રથમ વર્ષગાંઠ નિમિતે સર્વેને માદરે વતન પધારવા ભાવભર્યું આમંત્રણ છે. ધ્વજાની બોલી (ચડાવા) સ્થાનીકે બોલાવવામાં આવશે. અઢાર અભિષેકમાં નામ લખાવી લાભ લેવા વિનંતી. આ પ્રસંગે પધારનારા અગાઉથી પોતાના નામ નોંધાવવા વિનંતી.

**-: સંપર્ક :-**

**નિલેશ ધરમશી-ગાંધીધામ ૦૯૪૨૭૨૭૪૭૦૦**

**હિરેન લખમશી ધરમશી-મુંબઈ ૯૮૧૯૬૫૫૨૫૪**





**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જશાપર વતી**

**સોમચંદ કે. મોતા-૯૮૨૦૮૨૧૯૦૮**

---

## ગામમાં હનુમાન મંદિર નવનિર્માણ

શ્રી જશાપર ગામવાસીઓ તથા નિયાણી બહેનોને જણાવતાં આનંદ થાય છે કે, આપણાં ગામમાં શ્રી હનુમાન દાદાનું મંદિર ઉત્તર દિશામાં હોવાથી આપણાં ગામનાં અનેક કાર્યોમાં બાધા આવે છે એવં હંમેશા જાણકારો અને આપણાં વડીલો કહેતા આવ્યા છે.

આ બાબત સુધારણા વિચારાધીન છે. દાદાનું મંદિર દક્ષિણ દિશામાં હોવું જરૂરી છે. ગામના સારા કાર્યો માટે અનેક વિઘ્નો આવતા હોવાથી **શ્રી લક્ષ્મીચંદ ટોકરશી ધરમશી** તથા તેમના પરિવારજનો તથા **શાંતિલાલભાઈ છેડા** અને **જાલુભાઈ બારાચ** આ કાર્યને સાકાર કરવા સુંદર પ્રયત્નો કર્યા છે અને દક્ષિણ દિશામાં મંદિરનું નવનિર્માણ કરવાની પહેલ કરી છે. આજે આ મંદિરનું કામ પૂરજોશમાં ચાલુ છે. આશા છે કે આ મંદિરનું ફેબ્રુઆરી-૨૦૧૩માં પુર્ણ થઈ જશે. તો આપણી ગામ પ્રત્યેની ફરજ છે કે આવા મહાકાર્યને આગળ ધપાવવા અને શુભકાર્યમાં આપણું સૌનું યોગદાન હોવું જરૂરી છે. તો આપણી લક્ષ્મીનો સદઉપયોગ સારા માર્ગે થાય. તો આ નવનિર્માણ કાર્યમાં સર્વ ગામવાસીઓનો યથાયોગ્ય યોગદાન રહે એવી ભાવના છે. આપ સર્વેને મહાજનવતી ઉદાર દિલે એ માટે ફાળો નોંધાવવા વિનંતી છે. આપ સૌના સહકારથી શાસ્ત્રોક્ત વિધિથી ગામરક્ષક હનુમાન દેવનું સુંદર મંદિર બની જશે.

**શ્રી હનુમાન મંદિર કમીટી-જશાપર અને**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન જસાપર વતી**

**સોમચંદ કે. મોતા**

**-: સંપર્ક :-**

**નિલેશભાઈ - ગાંધીધામ : ૦૯૪૨૭૨૭૪૭૦૦**

**શાંતિલાલ છેડા - અમદાવાદ : ૯૧૯૬૮૭૧૦૭૯૧૦**

**મોતીચંદભાઈ - મુંબઈ : ૯૮૨૧૦૧૯૮૦૯**

|| શ્રી ક્ષેત્રપાળ દાદાય નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || શ્રી મોમાઇ માતાય નમઃ ||

નુતન વર્ષાભિનંદન...

ગામ રંગપુર (હાલાર) મધ્યે બિરાજમાન નાગડા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની



## પ્રથમ પહેડી પ્રસંગે પધારવા સ્નેહભર્યું આમંત્રણ



"સ્મરણ કરે સુખ ઉપજે, ભજતા ભવ દુઃખ જાય.....
એવા પ્રતાપી શ્રી મોમાઈ મા અમારા હૃદયમાં રહો સદાય...."

આવી છે શુભ ઘડી જે આવે નહીં ઘડી ઘડી....

**કાર્યક્રમ :** રવિવાર તા. ૨૭/૦૧/૨૦૧૩ **સમય :** સવારે ૮.૦૦ થી બપોરે ૪.૦૦ કલાકે

**શુભ સ્થળ :** શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૭૮

આ શુભ પહેડીના અવસરે **નાગડા પરિવારના ભાવિકો તેમજ નિયાણી બહેનોને સહપરિવાર** સાથે ભક્તિ દર્શન, આરતી, પ્રસાદનો લાભ લેવા મંડળ તેમજ દાતાશ્રી પરિવાર તરફથી સ્નેહભર્યું આમંત્રણ છે. અને સાથે રાસ ગરબાની રમઝટ તો ખરી જ.... !!

**સંપૂર્ણ પહેડીના લાભાર્થી પરિવાર : માતુશ્રી પ્રેમીલાબેન લાલજી દામજી નાગડા**

**હસ્તે : સરલાબેન લક્ષ્મીચંદ લાલજી નાગડા, મુલુન્ડ**

નોંધ : પહેડી દરમિયાન કોઇએ કાળા વસ્ત્રો ન પહેરવા, બહેનોએ બાંધણી અને પુરુષોએ સફેદ વસ્ત્ર પરિધાન કરવું. તથા સમયસર પધારી વિધી-વિધાન ભક્તિ સંગીત તથા પ્રસાદનો લાભ લેવા નમ્ર વિનંતી.

લિ. શ્રી મોમાઇમા નાગડા પરિવાર
યુવક મંડળના જય માતાજી.

## નલિયા-લોડાયા ફળિયા સ્થિત શ્રી સચ્ચાઈમાં ભાવિકો જોગ

### હાર્દિક આમંત્રણ

આ સાથે જણાવતા આનંદ થાય છે કે શ્રી સચ્ચાઈ માતાજીના સ્થાનકની જગ્યાનું કામકાજ પૂર્ણ થયેલ છે. આ ઉપરાંત શ્રી સચ્ચાઈ માતાજીની વાર્ષિક પહેડી તેમજ જીર્ણ થયેલ ફરીઓ બદલાવવાનો કાર્યક્રમ જેમાં હવન, નવગ્રહ પૂજન વગેરેનો સમાવેશ થાય છે તે **તા.૨૫-૪-૨૦૧૩** (ગુરૂવાર)ના દિવસે નલિયા મધ્યે રાખેલ છે તો સર્વે નમતા ભાવિકોને જરૂરથી લાભ લેવા આમંત્રણ છે.

પૂજનનો લાભ કોઈપણ ૧ (એક) કપલ ઉછામણીમાં લાભ લઈ શકે છે.

નલિયા ખાતે પોતાના ઉતારાની વ્યવસ્થા સ્વયં કરવાની રહેશે.

**શ્રી સચ્ચાઈમાં ભાવિક સેવા સંઘ વતી ટ્રસ્ટબોર્ડના જયજિનેન્દ્ર - જય માતાજી**

**શ્રી હીરાચંદ અરજણ પટેલ** (પ્રમુખ) ● **શ્રીમતી જ્યોત્સના કે. લોડાયા** (ભૂઈમાં)

**શ્રી મયુર ડી. લોડાયા** (માનદ્ મંત્રી) ● **શ્રી મનોજ વી. લોડાયા** (ખજાનચી)

**શ્રી. કીરણ (શાલીભદ્ર) એચ. લોડાયા** (સહ-મંત્રી) ● **શ્રી સતીશ એસ. લોડાયા** (સભ્ય)

**શ્રી ગૌતમ એલ. શાહ -શીહોર** (સભ્ય) ● **શ્રી દિનેશ પી. લોડાયા-નલિયા** (સભ્ય)

**Contact: C/o. Lodaya & Co. 4(A), Terawala Bldg., RRT Rd., Mulund (W), Mumbai-80.**
**Ph-0923374330 / E-mail : lodayaca@gmail.com**
**શ્રીમતી જ્યોત્સનાબેન (ભૂઈમાં) - Ph. 09844406425**

# દ્વિતીય પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન

ગોરેગામ
(દલતુંગી)



અરિહંતશરણ
૮-૧૨-૨૦૧૦

## સ્વ. વિજ્યાબેન મણીલાલ ત્રીકમજી ડાઘા

આંખો ભરીને બેઠો છે, અશ્રુઓનો દરબાર
ભાવભીની શ્રધ્ધાંજલી આપે છે તમારી પરિવાર
તેલ ખૂટ્યું કે વાટ ખૂટી, એ ન સમજાયું અમને,
પણ આ જન્મના ઋણાનુબંધન તૂટ્યા એ સમજાયું અમને
આપની વાત્સલ્યતાભરી શીતળ છાયા ગુમાવી અમે,
અમ આંખે અશ્રુઓના ઝરણાં વહાવી ગયા તમે
જીવતર વાવીને ઘડતર કર્યું, સદ્‌ગુણોનો સાથ અમને
તમારા થકી ઉજળા અમે, તમારા વિના જીવનમાં અંધારું અમને
દિલાસો ભલે આપીએ એક-બીજાને અમે પણ આંખો અમારી શોધે તમને!
વરસાવજો આશીર્વાદ સ્વર્ગથી તમે, એજ અપેક્ષા રાખીએ અમે...

### લિ. આપની અમર સ્મૃતિમાં...

પતિ : **મણીલાલ ત્રીકમજી ડાઘા**
પુત્ર-પુત્રવધુ : **ચેતના-સંજય, દીપા-નીકુંજ, ચાંદની-મનોજ**
પૌત્ર-પૌત્રી : **ઊર્જા, જય, સિધ્ધાર્થ, ઝલક તથા રોનક**
દીકરી-જમાઈ : **પારૂલ-પંકજ દંડ**
દોહિત્ર-દોહીત્રી : **ભાવેશ-નિધિ**
પુત્ર-પુત્રવધુ તુલ્ય : **પ્રતિક્ષા-દીલીપ, હંસા-ચંદ્રેશ, વિમલા-ઝવેરચંદ, ઉષા-દિનેશ, અશોક, બીના-પ્રફુલ, સંગીતા-કાંતિ, પલ્લવી-ગુલાબ, સ્મિતા-કૌશિક, ભાવિકા-શૈલેષ, ભાવિન**
નણંદ : **સોનબાઈ ત્રીકમજી ડાઘા તથા બાંયાબેન ઉમરશી ઘરમશી**

**માતુશ્રી રતનબેન ત્રીકમજી દેવજી ડાઘા સમસ્ત પરિવાર (દલતુંગી)**
**માતુશ્રી લીલબાઈ નાંગશી માણેકજી લોડાયા સમસ્ત પરિવાર (નાનીખાવડી)**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ૮મું વસતીપત્રક – સં. ૨૦૬૯

સુજ્ઞ જ્ઞાતિજનો, વ.પ. નાં ફોર્મ ભરાયા બાદ આપના કુટુંબમાં થયેલ ફેરફારની વિગતો વ.પ. એવં ઓનલાઈન વેબસાઈટમાં સામેલ કરી શકાય તે માટે ફેરફાર માટેનું આ સાથેનું ફોર્મ ભરીને મોકલશો .તા. **૩૧-૧૨- ૧૨** સુધી કાર્યાલયમાં મળેલ ફોર્મની વિગત નો જ સમાવેશ કરી શકાશે તેની નોંધ લેશોજી.

## ફોર્મ ભરાયા બાદ કુટુંબમાં થયેલ સુધારા વધારા મોકલવા માટેનું ફોર્મ

વિગત મોકલનારનું નામ:______________________________ગામ:_________વસવાટ:____________

સં. ૨૦૫૮ ના વસતીપત્રકમાંનો પીન નંબર__________________________ ફોર્મ નો.______________

## ફેરફાર

૧)જન્મ: બાળક/બાલિકાનું નામ_______________________ તારીખ _____________સ્ત્રી/પુ:________

માતાનું પૂરું નામ : ____________________________________________________________

૨)મરણ: નામ ________________________________________તારીખ_______________________

૩)સગપણ:નામ ___________________________________________________________________

૪)લગ્ન: તારીખ ________________વરનુંપૂરુનામ:________________________________________

વધૂનું પૂરું નામ :________________________________________________________

અંતરજ્ઞાતિ લગ્ન હોયતો:અભ્યાસ:__________જન્મતારીખ:____________વ્યવસાય:________________

હાલ વસવાટ:________________મૂળગામ:____________જ્ઞાતિ:________ધર્મ:______

૫)અભ્યાસ:પૂરું નામ :_______________________________________________________________

પાસ કરેલ પરીક્ષા:________________________________________________________

૬)નવું સરનામું:_____________________________________________________________________

___________________________________________________________________

______________________________________પીન કોડ:______________________

૭)ફોન નાં.ઘરનો ________________________________મોબ.______________________________

૮)છુટાછેડા:નામ:____________________________________________________________________

તારીખ:________________________ (પુરાવા સાથે બીડવા)

૯)અન્ય (વિગત સાથે જણાવવી):________________________________________________________

____________________________________________________________

વિગત મોકલનારની સહી __________________ તારીખ:___________________________

ફેરફાર/સુધારા નીચે જણાવેલ સરનામે મોકલશો. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતી

C/O,Shri Raichand Hansraj Dharamshi,
Padam Bhauvan ,1st floor,Jawaharlal Nehru Road(Near Gaurav Hotel),Mulund (W),Mumbai-400080,
E-Mail:kdovasti@gmail.com,Mob:9920855259,09619343793

## ઝુકી તો જવાયને

### દેશાવરવાસીઓનો જ્ઞાતિપ્રેમ

આપણા દેશાવરવાસીઓ એમનો જ્ઞાતિપ્રેમ, જ્ઞાતિજનો પ્રત્યે બંધુત્વની ભાવના, અન્યને મદદરૂપ થવાનો સ્વભાવ વગેરે ગુણોને લીધે અનેકવાર મુઠ્ઠી ઊંચેરા સાબિત થયા છે.

આવા એક મુઠ્ઠી ઉંચેરા જ્ઞાતિજન એટલે ઔરંગાબાદ નિવાસી **શ્રી કુલિનકાંત જેઠાભાઈ મોમાયા** (વરાડીયા)

અમે મુંબઈથી બે કુટુંબ (સાત જણાં) પાંચ દિવસ માટે (૨૪ થી ૨૮ ઓક્ટોબર ૧૨) દરમ્યાન ઔરંગાબાદ ફરવા જવા પ્રયોજન કરેલ.. ઉપરોક્ત પાંચ દિવસોમાંથી ત્રણ જાહેર રજાના દિવસો હોવાથી ઔરંગાબાદ જેવા સુપ્રસિધ્ધ ઐતિહાસિક પ્રવાસના સ્થળે, છેલ્લી ઘડીએ હોટલ રૂમ તથા ટુરીસ્ટ કાર બુક કરવી કદાચ તકલીફ પડશે એવી દહેશત હતી ત્યારે અનાયાસે શ્રીમતી હીનાબેન લોડાયા (અંધેરી) પાસેથી અમને કુલિનભાઈનો મોબાઈલ નંબર મળ્યો.. એટલે અમે કુલિનભાઈના એ નંબર પર સંપર્ક કરી અમારા ઔરંગાબાદના પ્રવાસની વાત કરી.. એમના સાથે અમારી કોઈ ઓળખાણ નહીં, છતાં પણ મોબાઈલ પર વાતચીત થઈ એ મુજબ એમણે અમારા ત્યાંના રોકાણ માટે હોટેલ તથા ઐતિહાસીક સ્થળોએ જવા માટે ટુરીસ્ટ કારની સુંદર વ્યવસ્થા કરી આપી.. એટલુંજ નહી ૨૪મીની રાત્રે અમારા આશ્ચર્ય વચ્ચે અમે ઔરંગાબાદ પહોંચ્યા ત્યારે અમને સ્ટેશન પર ઉતારવા પણ આવ્યા હતા.. તથા પોતાની કાર દ્વારા અમને નક્કી કરેલ હોટેલ પર પહોંચાડ્યા.. તેમજ બીજે દિવસે એટલે તા.૨૫ના સવારે અમારી હોટેલ પર રૂબરૂ પધારી ટૂરીસ્ટ કારના ડ્રાઈવરનો અમારી સાથે પરિચય કરાવી આપ્યો..

પોતાના અંગત વ્યવસાયમાં ખૂબજ વ્યસ્ત રહેતા હોવા છતાં કુલિનભાઈએ સમય કાઢી અમારા જેવા બિલકુલ અજાણ્યાને મદદરૂપ થયા એ કાંઈ નાનીસૂની વાત નથી.. એનના માટે સ્વભાવગત સેવાની વૃત્તિ, જ્ઞાતિજન પ્રત્યે અદમ્ય લાગણી તથા તેમને મદદરૂપ થવાની ભાવના માટે કહેવું પડે. એ સેવાભાવના માટે ઝુકી તો જવાય ને...

– *મુલચંદ શાહ* (મુલુંડ)


**PHONETICS TEACHER TRAINING CERTIFICATE COURSE**

**(Audio-Visual Power Point presentation)**

**L.N. Mehta Ed. Classes**

Yogesh sadan, Hingwala Lane,
Ghatkopar (E), Mumbai - 400 077
Contact : 9821285541/25014824/25014870

| Duration | Days | Start on | Time |
|---|---|---|---|
| 1 week | Monday to Friday | 10th Dec. | 2.00 to 4.00 p.m. |
| 2 months | Every Saturday | 8th Dec | 2.00 to 4.00 p.m. |
| 3 Days | Every Sunday | 9th Dec | 12.30 to 3.30 p.m. |

**ખત્રી કલેક્શન** (કોડાયવાળા)

શોપ નં.૩, નવીનમંજુ, એસ.એલ.રોડ અને ઝવેર રોડ જંક્શન, મુલુન્ડ (વે). ફોન ૨૫૬૮ ૦૫૧૨

બાંધણી સાડી – ઘરચોળા ફક્ત કોડાયનાં. કચ્છ જવાનું થાય તો કોડાય જરૂર જજો

**ઘરચોળા માટે સર્વશ્રેષ્ઠ સ્થળ**

**બાંધણી – ઇટાલીયન – ગજી**
**રીયલ ઘરચોળા – ડ્રેસ મટેરીયલમાં**
**અસંખ્ય વેરાયટી માટે ભરોસાપાત્ર સ્થળ**

**Mob. : 9821371416**


॥ જય ભલારાદાદા ॥

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ–લાલપુર**

**ભાવભર્યું આમંત્રણ**

### લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

ભલારાદાદાની અસીમ કૃપાથી અને દાતાશ્રીઓ તેમજ ભાવિકોના ઉદાર સહયોગથી દાદાના મુળ સ્થાનક શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩-૧૪ અને પુનમ તા.૨૩-૨૪-૨૫ એપ્રીલ ૧૩ના ત્રિહાન્હિક મહોત્સવનું આયોજન છે, જેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| દિવસ | 卐 卐 卐 (કાર્યક્રમ) 卐 卐 卐 |
|---|---|
| ૨૩-૪-૧૩ | સવારના ૮થી ૯ દરમ્યાન મહાવીર જયંતિ નિમિત્તે ગામના દેરાસરેથી વરઘોડો, સાંજના ૬ વાગે દાદાનો પાઠ. |
| ૨૪-૪-૧૩ | બપોરના ૨.૩૦થી ૪.૦૦ દરમ્યાન દાદાની ભાવના, સાંજના ૬ વાગે સમુહ પાઠ |
| ૨૫-૪-૧૩ | સવારના ૮થી વિવિધ લાભોની ઉછામણી, ત્યારબાદ ધ્વજારોહણ અને આરતી. બપોરના ૧૨.૩૦ વાગે 'ભંડારો', સાંજના ૬ વાગે સમુહ પાઠ રહેશે. |

આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા હાર્દિક આમંત્રણ છે.

**ભલારાદાદા ટ્રસ્ટ–લાલપુર વતીથી સર્વ ટ્રસ્ટીઓ**

## મોંઘાદાટ હોસ્પીટલ ખર્ચ તદન નિશુલ્ક કે રાહતદરે પણ મળી શકે છે.

આજે નિમ્ન આવક કે મધ્યમવર્ગીય સમાજને કોઈ મોટો પ્રશ્ન હોય તો તે મેડીકલ ખર્ચનો છે. સતત વધતી જતી મોંઘવારીમાં પણ જો આપણે જાગીએ અને સરકારી યોજનાના લાભ લઈએ તો ગમે તેવી મોંઘી મેડીકલ ટ્રીટમેન્ટ અને હોસ્પીટલ ખર્ચની સુવિધા તદન મફતમાં કે રાહતદરે પણ મળી શકે છે.

એ સિવાય આપ આત્મજાગૃતિ કેળવી પરિવારના મેડીકલ વીમા કવચ હેઠળ આરોગ્ય સુરક્ષા વીમા યોજનામાં પણ ફોર્મ ભરી જોડાઈ શકો છો. જેમાં આપના હોસ્પીટલ ખર્ચા નિયમાનુસાર પરત મેળવી શકશો. હોસ્પીટલમાં દાખલ થયાથી રજા લીધા સુધી જે કંઈ ખર્ચ થાય તેના પ્રિસ્ક્રીપશન, બીલ, રસીદ વગેરે પાકા લઈ રાખવા.

આ બન્ને યોજના માટેના નિયમો જાણી લો અને તે મુજબ આળસ ખંખેરી પરિવારના કલ્યાણ માટે નિયમસર જોડાઈને લાભ લો.

સરકાર તરફથી સમાજના નાના વર્ગને આ લાભ અપાય છે. હાઈકોર્ટના આદેશ અનુસાર અને ચેરીટી કમિશ્નરના માર્ગદર્શનથી અંદાજે ૧૦૦ જેટલી હોસ્પીટલોમાં ઓરેન્જ કેશરી કલરના રેશનકાર્ડ ધારકો માટે નિયમ મુજબ તદન ફ્રી કે ૫૦% રાહતદરે હોસ્પીટલ સારવાર મળી શકે છે. આ યોજના મહારાષ્ટ્ર સરકારના ધારાધોરણો મુજબ છેલ્લા છ વરસથી ચાલે છે. આ યોજનામાં :

૧) પહેલા વાર્ષિક આવક રૂા.૨૫૦૦૦ કે તેથી ઓછી હોય હવે તે વધારીને રૂા.૫૦,૦૦૦ કે તેથી ઓછી હોય તો સંપુર્ણ હોસ્પીટલ સારવાર નિશુલ્ક મળી શકે છે.

૨) પહેલા જેમની વાર્ષિક આવક રૂા.૨૫૦૦૦ થી વધુ અને ૫૦ હજારની હોય તો તેમને હોસ્પીટલ ખર્ચમાં ૫૦% રાહત મળી શકે જે હવે તેની મર્યાદા વધારી તે વાર્ષિક આવક રૂા.૫૦ હજારથી રૂા. ૧ લાખની કરવામાં આવી છે.

૩) આવક દાખલા અને જરૂરી કાગળ સાથે નિયત હોસ્પીટલમાં જતાં આ લાભ મળી શકે છે.

**આ આવક દાખલો લેવા શું કરવું જોઈએ?**

૧) આપના કેશરી કે પીળા કલરના રેશનકાર્ડની જેરોક્સ કઢાવી લઈ એટેસ્ટેટ કરાવી લેવી. ૨) સ્થાનિક નગરસેવકનું ભલામણપત્ર ૩) જ્યાં નોકરી/વ્યવસાય કરતા હો ત્યાંનું આવકનું સતાવાર પ્રમાણપત્ર, ૪) કોઇક કેસમાં કોર્ટનું એફીડેવીટ પણ કરાવવું પડે. ૫) હોસ્ટપીટલના ડોક્ટરના ભલામણપત્ર/સર્ટીફીકેટ, ૬) આપના વિસ્તારના તહસીલદાર/મ્યુનિસીપાલીટી દ્વારા વાર્ષિક આવકનો દાખલો (જે ફોર્મ ભરીને મળી શકે છે) ૭) કચ્છ/હાલાર કે દેશાવળમાં રહેતા હો તો ત્યાંનું સ્થાનિક સરપંચ/મામલતદાર પાસેથી પ્રમાણપત્ર મેળવી લેવું. આ બધાની નકલ કરાવી એટેસ્ટેટ કોપી સાથે રાખવી અને ફોટા પણ રાખવા.

આ દસ્તાવેજ એકત્ર કરી સાદી અરજી સાથે હોસ્પીટલના સંચાલક તંત્રને કે કાર્યકરને આપવાથી એ મુજબ સરકારી યોજનાનો લાભ આપવા વ્યવસ્થા થશે. સામાન્યતઃ રૂા. લાખથી ઓછી છે એવા વાર્ષિક આવકવાળા ઘણાં લોકો હોય છે જેઓ આ સરકારી લાભ લઈ શકે છે.

વધુ માહિતી/વિગત માટે સંપર્ક : ઋણાનુબંધન ટ્રસ્ટ ૮/૧૩૨ પાર્લેશ્વર સોસાયટી, શાહાજી રાજે માર્ગ, પાર્લા (ઈ), મુંબઈ-૪૦૦૦૫૭.


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)



Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

**ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.**

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

## ચર્ચાને ચોતરે

વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### ધાર્મિક સામાજિક પ્રસંગે લખલુટ ખર્ચા

જૈનોમાં એક તરફ જીવદયા ક્ષેત્રે સુંદર દાનધર્મ પ્રવૃતિઓ થઈ રહી છે ત્યારે બીજી બાજુ ધાર્મિક-સામાજિક પ્રસંગે નામ-કીર્તી માટે બીનજરૂરી ખર્ચા જોવા મળે છે. જેમાં ખાસ કરી બુફે જમણોમાં જેમાં કેટલોય માલ વેડફાટ થાય છે અને એઠવાડમાં જાય છે. આ ખોટો વ્યય બચવો જોઈએ. આપણાં જેવા સમાજે આ બાબતે સ્વયંસ્ફુરીત શિસ્ત અને જાગૃતિ લાવવી જરૂરી છે.

*અમરાવતી : ૨૯-૧૧-૧૨* *હીરજી કુંવરજી જીવાણી*

## પરિચય પ્રકાશ :

### મુક સમાજસેવક શ્રી વિનોદ કાંતિલાલ નાગડા

નાંદેડમાં કોઈપણ સ્વામીવાત્સલ્ય જમણ હોય કે સમાજના કોઈના પણ પ્રસંગ નિમિતે જમણવાર હોય વ્યક્તીગત કે સામાજીક રસોડાનું કામ જેને સોંપવામાં આવે તે મુક સમાજસેવક શ્રી વિનોદ કાંતિલાલ નાગડા.

એમની સેવામાં જેમના પરિવારનો પ્રસંગ હોય એ તો નિશ્ચિંત જ થઈ જાય.

નાંદેડમાં આજે પણ ખાસ કેટરીંગ કોન્ટ્રેક્ટ પર નહીં, જાતે જ મહારાજ રસોયા આપી અંગપર કામ કરાય છે.

આ સામાજકિ સેવાનું કામ એટલું ખંત, ચિવટ અને સારી રીતે પાર પાડવામાં આવે છે કે તે ખુબ વ્યાજબીપણે અને શાનદાર બને.. એ પરિવારને રસોડા તરફ જોવું પણ ન પડે.

શ્રી વિનોદભાઈ સવારના વહેલા હાજર થઈ જાય.. જે સાંજના કે રાતના કામ પુર્ણ થયા સુધી બધો સામાન- જ્યાં-ત્યાં વ્યયસ્થીત થયા પછીજ મુક્ત થાય.. જવાબદારી લીધી એટલે વ્યવસ્થીત પાર પાડવી એ એમનો સ્વભાવ.. મીતભાષી, કોઈ સાથે વધુ બોલવું નહી.. નમ્ર, શાંત સ્વભાવ.. રસોયા સાથે બહુજ પ્રેમથી કામ લેવું.. કોઈ વધ-ઘટ હોય તો પ્રેમથી સમજાવી બરાબર કરાવવું.. કદાચ કોઈ ચીજ વસ્તુ ઘટે તો ઘરવાળાને ખબર પણ ન પડે તરતજ મંગાવી સંભાળી લે.. કામ કર્યાનો દેખાવો કદી કરવો નહી.

શ્રી વિનોદ કાંતિલાલ નાગડાને રસોડાનું કામ સોંપ્યું તો પરિવાર જેને ત્યાં પણ પ્રસંગ હોય તે બેફીકર થઈ પોતાના અન્ય કામમાં લાગી જઈ શકે.

એમની આવી સમાજસેવાને સલામ.... અને આવા કાર્યકર્તા થકીજ આજે નાંદેડનું નામ જ્ઞાતિમાં લેવાય છે.

સમાજસેવાની એ ભાવના માટે ઝુકી તો જવાયને...

## અગત્યની સુચના :

● E-mail દ્વારા મેટર, જાહેરખબર આદિ મોકલનારે ફોન કરી પુરી માહિતી જણાવવી અને CD દ્વારા મોકલનારે પ્રિન્ટ આઉટ કોપી પણ મોકલવી.

● જાહેરખબર કે અન્ય માહિતી મોકલનારે પુરા નામ-સરનામા, ફોન નં. લખી જણાવવા.

● નવું સરનામું મોકલતાં જ્યાં અંક આવતો હતો તે સરનામું પણ જણાવવું.

● માહિતી/જાહેરખબરોને સ્થળ-સમય પ્રમાણે પ્રાથમિકતા અપાશે એટલે ક્રમશઃ છપાશે.

● જા.ખ. મોકલવા સાથે નિયત પેમેન્ટ ચેક/ડ્રાફ્ટથી મોકલી આપવું.

● દરેક સંસ્થા પોતાની પ્રવૃતિના આયોજન અને પ્રવૃતિ પુરી થતાં અહેવાલ સમયસર મોકલવા વિનંતી છે.

● જા.ખ.ની મેટર સ્પષ્ટપણે મોકલવી અને તૈયાર કરી મોકલતા હો તો પ્ર.સ.ની સાઈઝ મુજબ જ મોકલવી.

● જા.ખ.ના પ્રુફ મોકલવામાં આવતા નથી.

● જા.ખ. મોકલનારે જા.ખ.ની સાઈઝ અને બીલીંગ નામ-સરનામું જણાવવું.

● પ્ર.સ. અંક દર મંગળવારે મુંબઈ GPO પત્રિકાચેનલથી અંક જ્ઞાતિના દરેક પરિવારને પોસ્ટ કરાય છે. પોસ્ટ નિયમાનુસાર ત્યાં મુખ્ય શહેરના થેલામાં બંડલ રવાના થાય છે. આપને અંક ન મળતા હોય કે વિલંબથી મળતા હોય તો સ્થાનિક ટપાલ કાર્યાલયે જુના કોઈ અંક સાથે લેખિત ફરીયાદ કરી તેની કોપી મોકલવી. જ્યાં વધુ અંકો છે ત્યાં તે શહેરના થેલામાં સીધા અંક રવાના થાય છે. નાના ગામડાના અંક ત્યાંની મુખ્ય ટપાલકચેરીમાં જાય છે. દા.ત. બેંગલોર, હુબલી, ગદગના અલગ બંડલ છે. જ્યારે બાકીના કર્ણાટકના ગામડાનું બંડલ બેંગલોરના થેલામાં જાય છે. જે સ્થાનિક છંટાઈ થઈને તે તે ગામને પહોંચે છે.

અમે શક્યતઃ વધુ છંટાઈ કરી ચોક્કસપણે તે તે ગામને અંકો પોસ્ટ કરીએ છીએ. તેમ છતાં અપુરતા સ્ટાફ અને ટપાલ ખાતાની બે કાળજીને કારણે પ્રકાશિત અંકો માટે યોગ્ય સર્વિસ મળતી નથી.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## દાનધર્મ-અનુમોદના...

તા.૨૮-૧૧-૧૨, કારતકી પૂનમે પૂ.આ.શ્રી ભવ્યદર્શનસુરીશ્વરજી મ.સા.આ.ઠા. ચાતુર્માસ પરીવર્તન દિને સવારે આણંદ સંઘને શત્રુંજય મહાતીર્થ દર્શન ભાવયાત્રા કરાવી દાનધર્મ વિષે સુંદર પ્રેરણા આપી.

સામે ચાલીને દાન કરવાની તકો શોધતા રહેવું એ **'સત્કાર'**ની ભૂમિકા છે. સામે ચડીને આવેલ દાનની તકને વધાવી લેવી તે **'સ્વીકાર'**ની ભૂમિકા છે. સામે ચડીને આવેલ દાનની તકની ઉપેક્ષા કરવી એ **'ઇન્કાર'**ની ભૂમિકા છે. જ્યારે દાન લેવા આવનારને ઉતારી પાડવા તે તિરસ્કારની ભૂમિકા છે જેને ધરાવીને આપણે અનંતકાળથી સંસારમાં રખડીએ છીએ. હૈયાને વિશાળ બનાવી, નાણાંની કોથળી ખૂલ્લી મૂકી દીધા વિના 'સત્કાર'નું પ્રતિનિધિત્વ ધરાવી શકાય તેમ નથી. એટલી ઉદાર વૃતિ ન હોય તો છેવટે 'સ્વીકાર'ની ભૂમિકામાંથી તો પીછેહટ કરવા જેવી નથી.

દાન જ્યારે ઉત્સાહથી અપાય છે ત્યારે બમણું અપાય છે. દાનના ફળનું પ્રમાણ કલ્પના બહાર વધી જાય છે. શાલીભદ્રજીના પૂર્વ ભવમાં સંગમે કરેલ ખીરનું દાન-ચંદનબાળાજીએ કરેલ અડદ-બાકુળાનું દાન-રેવતી શ્રાવિકાનું દાન વિ. ઉત્સાહપૂર્વક કરેલ દાનના શ્રેષ્ઠતમ ઉદાહરણ છે. ઉત્સાહ-ફળના ગુણાકાર કરવાનું જ કામ કરે છે.


દાન કરતાં આંખમાંથી હર્ષના આંસુ વહેવા લાગે શરીર રોમાંચિત થઈ જાય;

અંદરમાં બહુમાન ભાવ હોય; પ્રિય વચન નીકળતાં હોય; અંતરમાં ચાલતી હોય અનુમોદના. આ પાંચ દાનના ભૂષણ છે. દાનની શોભામાં વધારો કરે છે.

કરૂણાના સાગર પરમાત્મા ખુદ શ્રી સંઘને નમસ્કાર કરે છે. એ સંઘની ભક્તિ કરવાની તક આપણે એકેમ જતી કરી શકીએ? આમાં પ્રમાદ ચાલે જ નહીં. પ્રચંડ પુણ્યોદયે જ્યારે જૈન કુળમાં જન્મ્યા છીએ તો ઉછળતા દિલે-પૂર્ણ બહુમાન સાથે શ્રી સંઘના ચરણોમાં ઝુકી જઈએ અને શ્રી સંઘના દરેક કાર્યોમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપને શક્તિ પ્રમાણે ભક્તિ કરી, મહામુસીબતે મળેલ માનવભવ સાર્થક કરીએ.

ચાતુર્માસ દરમ્યાન જે કોઈ ભાઈ-બહેન-બાળકોએ નાનીશી પણ તપસ્યા કરી હોય, કરાવી હોય અને તેની અનુમોદના પણ કરી હોય તે સૌને ધન્યવાદ, કરેલ તપસ્યા એડે ન જાય તેની પણ સૌને ખાસ શીખ છે. પ્રલોભનોથી લેશ માત્ર પણ સરકી ગયા તો તપ-જપ અહીંના અહીં રહી જશે. આ તીર્થ પટ્ટના દર્શન કરવા એ મહામૂલ્ય લ્હાવો છે. દુનિયામાં અસંખ્ય ધર્મો છે તેનાથી ચાર ગણા મંત્રો છે. પરંતુ "નવકાર મહામંત્ર" એક જ છે તેનું સદાય રટણ કરીએ અને ભવ તરીએ!!

***સં. - ડૉ. ઠાકરશી જી. મૈશેરી (આણંદ)***



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી... (૧૪)

***- સોમ ધરમશી*** (કચ્છ)

***માડુ ધોડે જ પ્યો જેં કે સભર નાંય,***
***સે કિતરા ડીં ભલા, તેંકે ખબર નાય!***
***આખર ઈ હિકડો ડીં એડે ઠેકાણે પુજધો 'તેજ',***
***જિતે કો પારીઓ નાંય, જિતે કેંજી કબર નાંય.***
***(શબ્દાર્થઃ સભર = ધીરજ, પારીઓ = ખાંભી/પાળિયા)***

**ભાવાર્થ** : 'કચ્છમિત્ર'નાં દીપોત્સવી અંકના કાવ્યવિભાગમાં નજર ફેરવતાં પ્રથમ પાના પર જ કવિ **'તેજ'**ની આ રચના વાંચી અને થોડીક ક્ષણો માટે વિચારોનાં વમળમાં સરકી જવાયું.

ગહન માર્મિકતા, અધ્યાત્મિકતા અને સરળતાનાં ત્રીવેણી સંગમ જેવી આ રચના માણવાનો આનંદ અને 'ગમતાંનો ગુલાલ' કરવાની મહેચ્છા પ્રગટી.

સતત ભૌતિક વિકાસની ઘેલછામાં મનુષ્ય કસ્તુરી મૃગની માફક દોડી રહ્યો છે પણ મનની ખરેખર શાંતિ ગુમાવી બેઠો છે! આ ભ્રમ દોડ એટલી હદે છે કે માનવી મૂળ લક્ષ્યહીન અને દિશાહીન બની ગયો છે!

"ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે." જેવી ક્ષણભંગુર જિંદગીને શાંતિથી માણવાને બદલે રઘવાયો બની ભટકે છે.

આ અશાંતિ એને તાણાવસભર જિંદગી તરફ ધકેલી રહી છે અને તે ભરયુવાનીમાં હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હાઈપર ટેન્શન જેવા ભયાનક રોગનો ભોગ બન્યો છે.

આવી પરિસ્થિતિમાં આજે ઠેર ઠેર 'જીવન જીવવાની કળા'ના સેમિનાર અને તાણાવમુક્તિની કાર્યશાળાઓની ભરમાર વધી ગઈ છે. બજારમાં સુખી અને સ્વસ્થ જીવન જીવવાનાં પુસ્તકોનાં ખડકલાં ખડકાઈ રહ્યાં છે.

અહિં, શ્રી સુરેશ જોશી વરસાદની કવિતાની પંક્તિ યાદ આવે છે.

***'તારા એજન્ડામાં ભઈ, તું પોતે ક્યાં છે?***
***તેં મેલ્યો છે તને જ પડતર ખાલી થઈ જા'***

આ આંધળી પુરપાટ દોટ મનુષ્યને ક્યાં લઈ જશે? એ સવાલ કવિને સતત મુંઝવે છે અને એટલેજ કવિ પાળિયા અને કબરનાં સાંકેતિક રૂપકનો સહારો લે છે.

શુરવીર કે સંતના પાળિયા કે દરગાહ (કબર) હોય પણ, ભવની ભવાઈમાં અટવાયેલ આજનો માનવી ત્યાં પણ નહીં પહોંચી શકે!

ચાલો, આ આંધળી દોડમાં થોડો પોરો ખાઈ, શાંતિથી બે મિનીટ થોભીને સ્વનિરીક્ષણ કરીએ અને ઈતિહાસના પાને અમર થયેલા પાળિયા, ખાંભી કે દરગાહ તરફ જવાનો કોઈ સાચો રસ્તો શોધી કાઢીએ.

ભવ્ય શાસનપ્રભાવના

ધન્ય અનુમોદના

।। વિમલાચલ મંડન શ્રી આદિનાથાય નમઃ ।।

।। શ્રી જીત-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચંદ્ર-કનકપ્રભ-સોમચંદ્રસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ ।।

# અનંતા સિદ્ધોના ઠામ એવા શ્રી સિદ્ધાચલજી મહાતીર્થે...

**આશ્રિતગણ હિતચિંતક : પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજા ● આધ્યાત્મિક દેશનાદાતા : પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાની કલ્યાણકારી નિશ્રામાં અપુર્વ શાસન પ્રભાવના, યાદગાર ચાતુર્માસ એવમ્ ઐતિહાસિક ઉપધાન તપના લાભાર્થી**

## ઉદારદિલ માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા પરિવાર (રાપરગઢવારી)

પાલીતાણા સ્થિત 'નંદપભા પ્રસાદ'ના આજથી ૬-મહિના પૂર્વે ચાતુર્માસની દુંદુભી ડીસા મુકામે માનવમેદનીના અંતરગત શ્રી સકળ સંઘના ઉપક્રમે **માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારે** ચોમાસાની વિનંતી પૂ. આચાર્ય ભગવંતને કરતાં તેમણે સંઘવાત્સલ્ય સહ ઉમંગે સંમતિ આપતા સંઘમાં આનંદની છોડો ઉડી હતી.

સકલ સંઘ અને ભાવિકોમાં તે માટેની અદ્‌ભુત તૈયારીઓ થઈ. પાલીતાણા ખાતે વીર પરમાત્માનુ જે અદ્‌ભુત જિનાલય છે તે 'નંદપ્રભા' પ્રાંગણ સાથે અગિયાર ધર્મશાળાઓમાં ૫૪૦૦ આરાધકોના ફોર્મ આવતાં તેમાંથી દરેક બાબતે વિચાર કરી ૧૩૫૦ આરાધકોને આરાધના કરવા માટે અનુમતિ અપાઈ.

દરરોજ સૌભાગ્યવંતી બહેનોએ વાજતે ગાજતે પાણીના કુંભ, શ્રીફળ આદી મસ્તકે ધરી પુજ્યશ્રીને ત્રણ પ્રદક્ષિણા કરી, રજત રજવાલીથી સાથીયા કર્યા અને ઉત્તમ નૈવેદ, ફળ મુકતાં શ્રેષ્ઠ સુકન સમુર્તા કર્યા હતા.

સમગ્ર ચાતુર્માસ દરમ્યાન બધા આરાધકોની પ્રભુભક્તિ થાય તે માટે અંકીબાઈ ધર્મશાળાના આગણે નિર્માણ પામેલ વિશાળકાય મંડપમાં બનાવેલ બહાડવસહી જે ગિરીરાજ ઉપર દાદાનો દરબાર છે તેની આબેહુબ પ્રતિકૃતી નીચે અદ્‌ભુત રીતે કલાકારો દ્વારા કંડારાઈ હતી. તેના દર્શન કરવા પાલીતાણા ચાતુર્માસના બધા આરાધકો, ભારતભરમાંથી પધારેલ આરાધકો સાથે સાથે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અને મોતીશા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, યાત્રિકો વગેરે ભાવિકો દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જિનાલયમાં એક સાથે ૮૦૦થી ૧૦૦૦ આરાધકો બેસીને આરાધના કરી શકે તથા રોજ ભવ્યતિભવ્ય સ્નાત્રપુજામાં મોટી સંખ્યામાં આરાધકો શ્રી રાજ રાજેશ્વર પાર્શ્વનાથ ભગવાનની બે હજાર વર્ષ પ્રાચિન પ્રતિમાજી સમક્ષ અતિ ઉચ્છરંગે સ્નાત્ર મહોત્સવ રચાતો હતો. તે ઉપરાંત અતિ પ્રાચીન આદિનાથ દાદા મુળનાયક તરીકે બિરાજમાન હતા. સાથે સાથે જેસરના ૨૨૦૦ વર્ષ પ્રાચીન મહાવીરસ્વામી તથા પદમપ્રભુ પરમાત્માના બેસણાં હતા.

ખ્યાતનામ કોકીલકંઠી સંગીતકારો, અવનવા સ્તવન-ગીતો દ્વારા થઈ રહેલ પ્રભુભક્તિ શાસનપ્રભાવનાને ચાર ચાંદ લગાવતા હતા અને અનેક પુણ્યાત્માઓનો માંહેલો ધર્મ ભાવનાએ જાગી ગયા હતો અને સમગ્ર વાતાવરણમાં પાવન ચૈતન્ય પ્રગટ્યું હતું.

દરરોજ બપોરે વ્યાખ્યાનબાદ વાજતે ગાજતે તળેટી દ્વારે ચતુર્વિધ સંઘ સાથે ઉછળતા ઉમંગે તળેટી જુહારવા જતા હતા. તળેટીએ ઉચ્ચ દ્રવ્યોથી મોતી-ચોખા વિગેરે વિશિષ્ટ ગહુંલી કાઢીને તળેટીની પુજા થતી હતી.

સમ્યગ્ જ્ઞાન વ્યાખ્યાન હોલમાં સવારે ૬ થી ૭.૩૦ સુધી સ્વાધ્યાય, ૭ થી ૮.૩૦ સુધી સુત્રો અને ભાવાર્થ ઉપર વિશિષ્ટ માર્ગદર્શન-સમજણ વિધ્વરત્ન **પૂ. મુનિશ્રી શ્રુતતિલક વિજયજી મ.સા.** આપતા હતા. રોજ સવારના નંદપ્રભા પ્રસાદના પ્રાંગણમાં પુજ્યશ્રીની નિશ્રામાં શ્રુતમાંડલી ભરાતી હતી. જેમાં વિશાળ સંખ્યામાં શ્રમણો, મુમુક્ષુઓ તેમજ આરાધકો સારી સંખ્યામાં ભાગ લેતા હતા. રોજ સવારે ૯થી ૧૦.૧૫ સુધી **પુજ્યશ્રીની વાચના** હતી જેમાં દરેક સમુદાયના પુજ્યો મોટી સંખ્યામાં પધારતા હતા.

ચાતુર્માસ દરમ્યાન સુવર્ણમય પ્રતિમા ઉપર ભવ્યાતિભવ્ય અષ્ટાપદ પુજન, મેરૂ અભિષેક વિગેરે અનુષ્ઠાનો થયા હતા. જેમાં બહોળી સંખ્યામાં આરાધકોએ ભાગ લીધો હતો.

પર્વ પર્યુષણમાં મહાપર્વમાં ૮૦૦થી વધારે આરાધકો બહારથી પધારેલ અને મહામંગલકારી પર્વનો લાભ લીધેલ. પર્વાધિરાજ પર્વમાં વંચાતું શ્રુતાધિરાજ શ્રી કલ્પસુત્ર સોનાની શાહીથી લાભાર્થી પરિવારે લખાવ્યું તે કલ્પસુત્ર પુજ્યશ્રીને વહોરાવ્યું હતું. ચાતુર્માસ દરમ્યાન તપ આરાધનાની રમઝટ બોલાઈ હતી. તેમાં ૩૧ ઉપવાસ, માસક્ષમણ, ૮ ઉપવાસ તથા શ્રેણીતપ સિધ્ધિ તપ, શત્રુંજય તપ, ૪૫ આગમ તપ, મોક્ષદંડક તપ આદિ અનેક તપશ્ચર્યાઓની હારમાળા સર્જાઇ હતી. પર્યુષણ મહાપર્વમાં ચોસઠ પ્રહરી પૌષધ ૧૦૮૧ પુણ્યાત્માઓની મોટી સંખ્યા થઈ હતી. પર્વના પહેલે દિવસે એવું દૃશ્ય સર્જાયુ હતું કે પંદરસો આરાધકોએ પહેલા દિવસનો પૌષધ વ્રત ઉચ્ચારાવ્યો હતો. ત્યારે એમ લાગતું હતું કે એ સિવાયના એકલદોકલને ગોતવાની તકલીફ થઈ હતી. આટલી મોટી સંખ્યામાં પૌષધ નજીકના કાળમાં કદાચિત પ્રથમ થયા હોય એમ ઈતિહાસ રચાયો.

પર્યુષણ પર્વમાં બહોળી સંખ્યામાં આરાધકોએ ચતુર્થ વ્રત (બ્રહ્મચર્યવ્રત) ઉચ્ચારાવ્યું હતું. પજુસણ મહાપર્વમાં પાલીતાણાના લગભગ ૮૦ જેટલા જિનાલયોની **ચૈત્ય પરીપાટી** નીકળી હતી. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના ઉપક્રમે તળેટીના મહાઅભિષેકના ચઢાવાનો લાભ **શ્રી મોતા પરિવારે** લઈને અદ્‌ભુત અઢાર અભિષેક અનુષ્ઠાન સંગીતમય, ભક્તિમય શાસન પ્રભાવનામય કરાવીને ઉજવણી કરી હતી સાથે સાથે તળેટીની મહાપુજાનું પણ વિશેષ રીતે આયોજન કરાવ્યું હતું.

પર્વ દરમ્યાન વિશાળકાય વ્યાખ્યાન મંડપ ૨૫૦૦થી ૩૦૦૦ માણસો બેસી શકે તેવી વ્યવસ્થા, જિનાલયમાં ૮૦૦થી ૧૦૦૦ માણસો બેસી શકે તથા ભોજન મંડપમાં એક સાથે ૧૭૫૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા લાભાર્થી પરિવારે ગોઠવી હતી.

આધ્યાત્મિક દેશના દાતા પુજ્યશ્રીના રોજ થતા પ્રવચનમાં બે હજાર ઉપરાંત શ્રધ્ધાળુઓ પાલીતાણાની અનેક ધર્મશાળાઓ માંથી પધારી જિનવાણીનો લાભ લેતા હતા. જે પણ એક અનુમોદનીય લાભ હતો.

ચાતુર્માસ દરમ્યાન **જૈનકથા સાહિત્યની રાષ્ટ્રીય સંગોષ્ટી**નો ઐતિહાસીક કાર્યક્રમ યોજાયો હતો. તેની અંદર ભારતભરમાંથી ૧૬૦ જેટલા સંસ્કૃતના મહાન પંડીતો આવીને જૈન સાહિત્ય ગ્રંથો કે જે ૮૦૦થી ૧૦૦૦ વર્ષ જુના ગ્રંથો કથાસાહિત્યમાલા ભાગ-૧ થી ૧૬ના નામે પ્રકાશીત થયા હતા.

આ ગ્રંથનુ કુલ શ્લોક પ્રમાણ ૧,૬૨,૦૦૦ જેટલું થાય છે. તે સંગોષ્ટીની અંદર પાલીતાણાના તમામ આચાર્ય ભગવંતોએ નિશ્રા આપી તથા ભારતભરમાંથી આવેલ સંસ્કૃત પંડીતોએ લાભ લીધેલ. રાષ્ટ્રીય સંગોષ્ટીને ચાર ચાંદ લગાવ્યા હતા. આવું ઐતીહાસીક કદાચ નજીકના કાળમાં શ્રુત આરાધના અનુષ્ઠાન પ્રથમવાર જ હોઈ શકે છે.

ચાતુર્માસ દરમ્યાન શ્રેષ્ઠ દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય તથા શાસનદ્રવ્યની છોડો ઉછળી હતી. ચાતુર્માસના પુર્ણાહતી દરમ્યાન ૧૨૦થી વધારે પુણ્યાત્માઓએ ચતુર્થવ્રતનું ગ્રહણ કર્યુ હતું.

આસો સુદ ૧૦થી ઉપધાન તપના મંડાણ થયા. તેમાં ૧૫૦૦ આરાધકોએ ઉપધાનમાં પ્રવેશ કર્યા, તેમાં માળ, પાત્રીસું અઠાયાવીસું અને અઢારીયું તથા છકીંયુ, ચોકીયુંમાં વિશિષ્ટ પ્રકારે આરાધના કરી. માળા પરિધાનમાં ૮૦૮ પુણ્યાત્માઓ માળા આરોહણ કરશે. તેમાં આરાધક પરિવાર સંપુર્ણ **શ્રી હિતેશભાઈ, નીશાબેનની સાથે સુપુત્રો ચિ. જય અને અજયે** આ અનુષ્ઠાન કર્યુ તથા કરાવ્યું. અભુતપુર્વ શાસનની પ્રભાવના થવાના સુયોગ રચાયા.

**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારે** બે વર્ષ પહેલા વિશાળપાયે નંદપ્રભાના પ્રાંગણમાં ૩૪ દીક્ષાર્થીઓનું ભવ્યાતિભવ્ય વર્ષિદાનનો વરઘોડો તથા બહુમાન સંમારંભ યોજેલ. તેના પછી ભવ્યાતિભવ્ય અજિત-શાંતિ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ૧૮-દીક્ષાઓનું આયોજન કરેલ. ત્યારબાદ કારતક વદ-૪ના ૪ દીક્ષા પ્રસંગ ભવ્યાતિભવ્ય ઉજવાઈ ગયા. એક દીક્ષાનું આયોજન આઠમના છે. આ સંયમપંથીઓની અનુમોદનાનો લાભ મળ્યો.

અમને જણાવતા આનંદ થાય છે કે દીક્ષાદાતા દીક્ષાયુગ પ્રર્વતક પ.પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રીમદ વિજયરામચંદ્રસૂરી દીક્ષા શતાબ્દી મહોત્સવ**ના ઉપક્રમે ૧૫થી વધારે દીક્ષાનું આયોજન **ગંધાર તીર્થે** નિશ્ચિત થઈ ચુક્યું છે તેનો આરંભ તા.૧૫-૧-૧૩થી થાય છે. દિક્ષાનો મોટાપાયે આયોજન પાંચમના મંડાશે. તા.૧૭-૧-૧૩ના સમુહ દીક્ષા મહોત્સવનો સંપુર્ણ લાભ **માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા પરિવાર (રાપરગઢવારી)એ** લીધેલ છે. આપશ્રી સકલ સંઘ તથા આરાધક પરિવારને આ ઐતિહાસીક દિક્ષા મહોત્સવને માણવા પધારવા આમંત્રણ છે.

દેવ-ગુરૂની કૃપાએ અને પુજ્યોની પ્રેરણા-નિશ્રા-માર્ગદર્શને, શાશ્વાત તીર્થના સાનિધ્યમાં, પુજ્યશ્રીનું સુંદર, ભવ્ય, ઐતિહાસિક ચાતુર્માસ, તપ-જપની વિશિષ્ટ આરાધના, વિશિષ્ટ પુજન-અનુષ્ઠાનો આદિ સકલ સંઘના સાથ સહકારે અને સહભાગે સફળતાપુર્વક થયા જેનો આનંદ, ગૌરવ અને અનુમોદના છે. સર્વે કાર્યકરો, વ્યવસ્થાપકો, સ્ટાફ અને પ્રત્યક્ષ-પરોક્ષ સહભાગી થઈ આ ધર્મકાર્યને દીપાયું તે સૌના અમે સહૃદયે આભારી છીએ. તેમની જહેમતની અનુમોદના કરીએ છીએ. સૌના સથવારે આ યાદગાર ચાતુર્માસ સર્વથા ઐતિહાસિક બની રહ્યો જેની ધન્યતા અનુભવીએ છીએ.

**જિનાજ્ઞા વિરૂધ્ધ તથા પુજ્યશ્રી તથા મોતા પરિવારના આશ્રય વિરૂધ્ધ કાંઈ લખાયું હોય તો અંતઃકરણના 'મિચ્છામિ દુક્કડમ'...**

**અધ્યાત્મ પરિવારના જય જિનેન્દ્ર...**

|| જય જય શ્રી નેમિનાથ ||



**સપ્રેમ આમંત્રણ**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,મોટી સિંધોડી

*આયોજીત*

# સ્નેહમિલન - ૨૦૧૩

ભારતભરમાં વસતા મોટી સિંધોડીના ક.દ.ઓ. જ્ઞાતિબંધુઓ, શ્રી પ્રગતિ મહિલા મંડળ, શ્રી નેમ યુથ ફોરમ - મોટી સિંધોડી તથા નિયાણી બહેનોનું સહપરિવાર સાથેનું સ્નેહમિલન રવિવાર, તા. ૧૩.૦૧.૨૦૧૩ રોજ બપોરે ૩.૦૦ થી ૯.૦૦ વાગ્યા સુધી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિદ્ધી, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વે.) મુંબઈ-૭૮. આયોજીત કરેલ છે. આ શુભદિને આપ સૌને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ નિમંત્રણને રૂબરૂ આમંત્રણ સમજીને જરૂરથી પધારશો.

* વર્ષ ૨૦૧૨ દરમ્યાન જે તપસ્વીઓએ અઠ્ઠાઈ કે તેથી વધુ તપ કર્યા હોય એમણે પોતાના નામ નીચે જણાવેલ કાર્યકર્તાઓ પાસે તા. ૩૧.૧૨.૨૦૧૨ સુધી લખાવવા નમ્ર વિનંતી.
* વર્ષ ૨૦૧૨ દરમ્યાન જે વિદ્યાર્થીઓએ ધોરણ ૮ થી વધુ માં ૬૦% કે તેથી વધુ માર્કસ આવ્યા હોય તેમણે પોતાની માર્કશીટની ઝેરોક્ષ કૉપી તેમજ પોસ્ટ-ગ્રેજ્યુએશનની અને વિશેષ ડીગ્રી મેળવનારે નીચે જણાવેલ કાર્યકર્તાઓનો તા. ૩૧.૧૨.૨૦૧૨ સુધી સંપર્ક કરવાનો રહેશે.
* આ સ્નેહમિલન-૨૦૧૩ માં દેરાસરને લાગતા દરેક ચઢાવા કે નકરા તેમજ અખાત્રીજ ૧૨.૦૪.૨૦૧૩ દેરાસરની ધજાનો આદેશ આપવામાં આવશે.

**-: સંપર્ક :-**

શ્રી હરિશભાઈ મોમાયા - ૯૮૨૦૨ ૮૫૭૮૧ શ્રી તિલકભાઈ લોડાયા - ૯૯૩૦૯ ૮૨૦૬૧ શ્રી દિનેશભાઈ મૈશેરી ૯૨૨૧૦૪૭૨૪૬

શ્રી હેમાંગભાઈ શાહ - ૯૯૨૦૬ ૪૬૮૪૬ શ્રી ભરતભાઈ લોડાયા - ૯૮૨૦૭ ૫૦૪૦૮ શ્રી વિશાલભાઈ શાહ ૯૮૧૯૩૭૩૮૨૮

* **શ્રી મોટી સિંધોડી મહાજન આયોજીત ''ધજા મહોત્સવ-૨૦૧૩''** તા. ૧૦.૦૪.૨૦૧૩ થી ૧૨.૦૪.૨૦૧૩ મોટી સિંધોડી (સ્થાનિક) ખાતે રાખેલ છે. તેમા જોડાવા ઈચ્છનાર એ પોતાના નામ તા. ૨૦.૧૨.૨૦૧૨ સુધી વિશાલ શાહ અથવા હેમાંગ શાહ નો સંપર્ક કરવા વિનંતી આ પ્રવાસનો અંદાજીત ખર્ચ વ્યક્તિ દીઠ રૂા. ૩૦૦૦/- છે. નામ લખાવતી વખતે એડવાન્સ ૧૦૦૦/- વ્યક્તિ દીઠ ભરવાના રહેશે.

લિ. આપના ભવદીય,

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મોટી સિંધોડી ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતી**

શ્રી હરિશ પ્રવિણચંદ્ર મોમાયા - પ્રમુખ     શ્રી તિલક પ્રેમજી લોડાયા - ઉપ-પ્રમુખ

---

**અમારી દીકરી લીના મયુરભાઈ મોમાયા અને સખીઓના નૂતન સાહસ**

## K.D.O. Mall @ ગૃહઉદ્યોગ, ધુલીયા

**જ્વલંત સફળતાને વરે એવા શુભાશીષ...**

## માતુશ્રી મલ્યાબાઈ આણંદજી પરિવાર (જખૌ)

**-: સૌજન્ય :-**

## સ્વસ્તિક એજન્સી

**કોમોડિટીઝ / ઈક્વટી શેર્સ / ઈન્સ્યોરંસ / ઓનલાઈન ટ્રેડિંગ**

એ-૮, ગૌરવ એનેક્સ, આર.આર.ટી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦

Tel. 9869361023 / 022-25901312 / Telefax : 25641312

www.rakcommodities.co.in

## વિશ્વને જૈનોની અદ્‌ભુત ભેટ

*- પ્રવીણ લોડાયા (વડોદરા)*

ટ્રાઈસ્ટાન સ્ટુઅર્ટે લખેલા પુસ્તક "ધ બ્લડલેસ રિવોલ્યુશન; (રક્તહીન ક્રાંતિ) એ કલ્ચરલ હિસ્ટ્રી ઑફ વીજીટેરીયાનીઝમ ફ્રોમ ૧૬૦૦ ટુ મોડર્ન ટાઇમ્સ"માં જણાવ્યું છે કે વિશ્વને **શાકાહારી જીવન** સિસ્ટમની ભેટ ભારતે આપી છે.

મોગલ સમ્રાટ ધ ગ્રેટ અકબર જૈન વિચારસરણી સાથે ખાસ કરીને અહિંસાના મુદ્દે ખુબ પ્રભાવિત થયો હતો. આ પુસ્તકનો સૌથી રસપ્રદ ભાગ આ જ છે કે જેમાં ભારતમાં મોગલ શાસકોએ ભારતના રીતરીવાજ કેવી રીતે આપનાવ્યા, તેનો ટુંકો ઈતિહાસ છે.

અકબરે તેના શાસિત પ્રદેશમાં પ્રાણીઓ અને માછલીઓ તેમજ માંસ ખાવાને વર્ષમાં છ મહીના પ્રોત્સાહન ન આપવાનો નિર્ણય કર્યો હતો અને તે અંગેનો આદેશ બહાર પાડ્યો હતો. પ્રાણીઓના શિકાર પર પણ તેણે પ્રતિબંધ મૂક્યો હતો.

તે પોતે વર્ષના મોટાભાગના દિવસોમાં માંસ ખાવાથી દૂર રહેતો હતો, તેમજ પ્રાણીઓની કતલના દિવસો પણ મર્યાદિત કર્યા હતા. ત્રીજી સદીમાં રાજા અશોક સત્તા પર આવ્યો તે પછી આવો કાયદો ઘડનાર અન્ય કોઈ રાજા નહોતો આવ્યો.

અકબરના સત્તાવાર સલાહકાર અબ્દુલ ફઝલ અલામીએ 'એન અલ અકબરી'માં લખ્યું છે કે અકબરને માંસ પ્રત્યે બહુ લગાવ ન હતો. તેણે માંસ ખાવાનું બંધ કરી દીધું હતું. અકબરનો પ્રિય ખોરાક "ખિચડી' હતો. સાથે તે દહીં ખાતો હતો. આ તેનો રોજીંદો ખોરાક બની ગયો હતો.

અકબરે આગળ એમ પણ લખ્યું છે કે, જીવન સાથે લોહી વણાયેલું છે. માંસનો ત્યાગ કરવો એ કોઈ જીંદગીને માન આપવા બરાબર છે.

ઈન્ડોલોજીસ્ટ (ભારતના ઈતિહાસકારો) અને અકબરની આત્મકથા લખનાર વિન્સેન્ટ સ્મીથે લખ્યું છે કે માંસ-મટનથી સંપૂર્ણપણે દૂર રહેનાર અકબરે અશોકના શાસનમાં હતું એમ પ્રાણીઓની હત્યા પર સખત પ્રતિબંધો મુકી દીધા હતા.

અકબરે તેમના જૈન ધર્મના ગુરૂઓની માન્યતાઓને અમલી બનાવી હતી. તેણે તેમની ધાર્મિક માન્યતાના અમલનું સૂચન (દીન-આઈ-ઈલાહી) કર્યું હતું.

અકબરનો ઉદ્દેશ ભગવાન સાથે આત્માના મિલનનો હતો. તેના સિધ્ધાંતોમાં દાન આપવું, પ્રાણીઓને બચાવવા, વિધવાઓને ફરી લગ્ન માટે મંજુરી આપવી, બાળલગ્ન અટકાવવા, એક જ કુટુંબના સભ્યો વચ્ચે લગ્ન અટકાવવા અને સતી પ્રથાનો વિરોધ વગેરેના સમાવેશ થાય છે. તેણે ગાયના માંસ પર પણ પ્રતિબંધ ફરમાવ્યો હતો. (જે આજે સ્વયં હિંદુ શાસકો પણ નથી કરી શકતા!)

પર્યુષણ અને મહાવીર જયંતિના ચાર માસ દરમ્યાન પ્રાણીઓની હત્યા પર પ્રતિબંધનો ઢંઢેરો પણ અકબરે પીટાવ્યો હતો. ૧૫૭૮ના કપરા કાળ દરમ્યાન અકબરે ભગવાનની હાજરીનો અનુભવ કર્યો હતો. આ મુદ્દે આભાર વ્યક્ત કરવા તેમણે હજારો પ્રાણીઓને મુક્ત કરાવ્યા હતા.

અકબર પછી એના પુત્ર અને અનુગામી જહાઁગીરે પોતાના પિતાની જાહેરમાં પ્રશંસા કરી હતી. શાકાહારી, ખોરાકને તેણે "સૂફી ફુડ' નામ આપ્યું હતું. ૧૬૨૮માં શાહજહાં સત્તાપર આવ્યો હતો. તેણે પણ શાકાહાર અપનાવ્યો હતો.

શાહજહાંના પુત્ર ઔરંગઝેબે ૧૬૫૮માં સત્તા સંભાળી ત્યારે ઈસ્લામના સિધ્ધાંતોને વળગી રહ્યો હતો છતાં તે ચુસ્ત શાકાહારી હતો અને જીવનને આનંદ ના આવે એવું કશું ખાતો નહોતો.

ઔરંગઝેબ ગંગાનું પાણી પીતો અને ખિચડી તેમજ જવાર-બાજરાની બ્રેડ ખાતો હતો. ઔરંગઝેબના શાસન દરમ્યાન રાજાશાહી ખિચડી બનતી થઈ તેનું નામ ઔરંગઝેબે પોતે "ખિચડી આલમગીરી" રાખ્યું હતું.

શાકાહારી સિસ્ટમ આગળ વધારવા જહાંગીરે સખત હાથે કામ લીધું હતું. અકબરની ગેરહાજરી જહાંગીરે વર્તવા દીધી નહોતી, અને વધારામાં તેણે ગુરૂવારે ઉપવાસ કરીને આ પ્રણાલિકામાં સિસ્ટમમાં ઉમેરો કર્યો હતો. ઇ.સ. ૧૬૧૮માં તે આ મુદ્દે આગળ વધ્યો હતો અને પ્રતિજ્ઞા લીધી હતી કે કોઈ પણ પ્રાણીનો શિકાર નહીં કરું કે મારા હાથે કોઈ પણ જીવની હત્યા નહીં કરું!

અકબર અને જહાંગીર માટે બહુ જાણીતા થયેલા પ્રતિકોમાં વરૂ અને સિંહ એક સાથે શાંતિથી બેઠા હોય અને તેમની સાથે ઘેટાનું બચ્ચું અને બળદ પણ હોય!

પાંયથાગોરસથી માંડીને તમામ તત્વચિંતકોએ પણ શાકાહારની સિસ્ટમ ભારત પાસેથી શીખી હોવાનું સ્વીકારે છે. શાકાહાર એ ખુબ સારી અને સરળ સંકલ્પનાં છે. પરંતુ પશ્ચિમના દેશો હંમેશા તેનાથી દૂર રહે છે.

પાણી પીને ઉપવાસ કરવા, વજન મોટાપાયે ઓછું કરવું, આલ્કોહોલની દુર રહેવું, ક્યારેય અસત્ય ના બોલવું...

ટૂંકમાં આવી નિયતભરેલી સખત જીંદગીને આ લોકો આનંદ વિનાનું જીવન ગણે છે!

વિદેશીઓને ભારત આવતા સદીઓ થઈ પરંતુ, જ્યારે તેઓ ભારત આવ્યા ત્યારે તેમણે અનુભવ્યું કે દરેક જાતના પ્રાણીને મારીને ખાધા વગર પણ આસાન, તંદુરસ્ત અને હસમુખું જીવન જીવી શકાય છે.

જ્યારે વિદેશના લોકો આ સમજ્યા ત્યારે ઘણાં પ્રવાસીઓ પોતાના દેશમાં પાછા ફરતી વખતે શાકાહારની ફીલોસોફી લઈને જતા હતા.

આ પુસ્તકમાં આ સ્ટોરી કહેવાનો પ્રયાસ કરાયો છે. માનવજાત જીંદગીમાં અહીં-તહીં અટવાયા પછી શાંતિથી કેવી રીતે રહેવું તે માનવ શીખ્યો હતો.

વિદેશીઓ આપણા પાસેથી શાકાહાર શીખ્યા જ્યારે આજે આપણે માંસની નિકાસ કરનાર ચોથા નંબરના દેશ છીએ. તેમજ દૂધ અને માંસના ઉત્પાદનના કારણે થતા ગ્લોબલ વોર્મીંગ માટે જવાબદાર એવા ત્રણ દેશોમાં પણ આપણો સમાવેશ થાય છે.

આ પુસ્તક વાંચી ને જુઓ, ભારત પાસે, આપણા જૈનો પાસે કેવો ગૌરવભર્યો વારસો છે. કોઈપણ હિંસક બની શકે છે પરંતુ અહિંસક બનવા સાચી અને સમજભરી હોંશિયારીની જરૂર છે.


।। શ્રી ગણેશાય નમઃ ।।

# જય અંબે ટ્રાવેલ્સ

**હવે આપનો સમગ્ર કચ્છ-ગુજરાત પ્રવાસ આનંદદાયક બનાવો...**

**આપની જરૂરીયાતને ધ્યાનમાં લઈ**
**એ.સી. તથા નોન-એ.સી. ઇન્ડીકા,**
**ટવેરા, ઈનોવા, મારૂતી રીટઝ વગેરે**
**સારી ગાડીઓ તથા**
**ગ્રુપ માટે નાની-મોટી બસ મળશે.**

**વ્યાજબી દર ● ઉત્તમ ભરોસેમંદ સેવા**

ધવલ નાગડા (શાહ) મો.૯૯૨૪૪૫૮૦૦૨
શૈલેશ નાગડા (શાહ) મો. ૯૮૯૮૨૩૭૯૦૪

**સંપર્ક : 102, Subham Vista,**
**Vasna-Bhayli Road, Vadodara.**

# K.D.O. Mall @ ગૃહઉદ્યોગ

**ધુલીયા**

**નાસ્તા, ડ્રાયફ્રૂટ, ચોકલેટસ, અથાણા,**
**ગિફ્ટ આઈટમ્સ, સ્ટેશનરી, એમ વે, ઓરીફ્લેમ પ્રોડક્ટસ્**
**અને ભરતકામ**

**★ ઘર પહોંચ સેવા**
**★ રવિવારે બપોરના ૩ વાગ્યા સુધી**

**-: સંપર્ક :-**

**લીના : 9765536974 ● ભાવના : 9370712903**
**કલ્પના : 9326249790 ● લતા : 9823168879**

**અરિહંત છાયા, લિટર સ્ટાર નર્સરી પાસે, ૮ અભય નગર, ધુલીયા.**
**ફોન : 237669.**

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર-૩૬૧૮૦.
**મુંબઈ કાર્યાલય :** C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા. લિમિટેડ, ગાલા નં.૯૯, ન્યુ યુનિક ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર ટોકિઝની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોન : ૨૫૯૩ ૯૬૯૬
E-maill : sevakbharudiatrust@gmail.com Website : www.sevakbharudiatrust.in
ashok.dand@khushbudyechem.com

## જિનાલયની આઠમી વર્ષગાંઠ પ્રસંગે હાર્દિક આમંત્રણ

સંઘનાં સર્વે ભાઈઓ-બહેનો તથા સર્વે જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું કે, શ્રી આદિનાથદાદાની અસીમ કૃપા તેમજ પૂ. ગુરૂ ભગવંતો અને વડીલોના આશીર્વાદથી આપણાં ગામના જિનાલયની આઠમી (૮મી) વર્ષગાંઠ-ધ્વજારોહણ સવંત ૨૦૬૯ના મહા વદ ૧૪ને રવિવાર તા.૧૦-૩-૨૦૧૩ના શુભદિને છે.

### -: કાર્યક્રમ :-

**૧) અઢાર અભિષેક તથા સત્તરભેદી પૂજા સવારના ૭.૩૦ કલાકે.**

**૨) ધ્વજારોહણ સવારના ૧૦.૩૦ કલાકે.**

ધ્વજાના કાયમી દાતા **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર**

ધ્વજા આરોહણની વિધી સમય : ૮ થી ૧૦ દરમ્યાન શુભ મુહૂર્તે કરાશે.

આપણાં સંઘ તરફથી શનિવાર તા.૯-૩-૨૦૧૩ના બહારગામથી પધારેલા સભ્યો માટે સાંજે જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ. તેમજ રવિવાર તા.૧૦-૩-૨૦૧૩ના ધ્વજારોહણના દિવસે સવારની નવકારશી, તથા બપોરના સાધર્મિક ભક્તિ સકળ સંઘના સ્થાનિક તેમજ બહારગામથી પધારેલા મહેમાનો માટે તેમજ આમંત્રિત મહેમાનો માટે સંઘ તરફથી રાખવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે સર્વેને પધારવા ધ્વજાના કાયમી દાતા : **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર** તથા તેમના ધર્માનુરાગી સુપુત્રો **શ્રી મહેન્દ્રભાઈ, શ્રી અશોકભાઈ, શ્રી રાજેશભાઈ** તેમજ ટ્રસ્ટીગણ તરફથી હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

એજ લી.

**શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી**

**સુરેશ વિરચંદ દંડ** (માનદમંત્રી)

**અશ્વીન લક્ષ્મીચંદ દૌલત** (સહ માનદમંત્રી)

**(નોંધ : મુંબઈ કાર્યાલયનું નવું એડ્રેસ ઉપર મુજબ છે તેની નોંધ લેશોજી.)**

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય** : સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર-૩૬૧૮૦.
**મુંબઈ કાર્યાલય** : C/o. ખુશબુ ડાયકેમ પ્રા. લિમિટેડ, ગાલા નં.૯૯, ન્યુ યુનિક ન્ડિસ્ટ્રીયલ ઇસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર ટોકિજની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોન : ૨૫ ૯૩ ૯૬૯૬
E-maill : sevakbharudiatrust@gmail.com Website : www.sevakbharudiatrust.in
ashok.dand@khushbudyechem.com

## ૭મી વાર્ષિક સામાન્ય સભા

સર્વે સભ્યો જોગ,

જય જિનેન્દ્ર, આપણા સંઘની ૭મી વાર્ષિક સામાન્ય સભા તા.૩૦-૧૨-૨૦૧૨ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### એજેન્ડા

**૧) ગત સામાન્ય સભાની મીનીટનું વાંચન તથા તેને બહાલી.**
**૨) વર્ષ ૨૦૧૧-૨૦૧૨ ઓડિટેડ હિસાબોને મંજૂરી આપવી.**
**૩) વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે ઓડિટરની નિમણુંક કરવી.**
**૪) સંઘના સંકુલનમાં તથા દેરાસરમાં રિપેરિંગ, રિનોવેશન તથા દાતાઓના નામની તક્તીઓ યોગ્ય જગ્યાએ કોતરાવવી તેમજ તેના ખર્ચને બહાલી આપવી.**
**૫) પ્રમુખશ્રીની પરવાનગીથી રજુ થયેલ અન્ય વિષયોપર ચર્ચા વિચારણા.**

**નોંધ** : કોરમના અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી મળશે. તેમાં હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે. જેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

**સભાનું સ્થળ : શેઠ શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, શિશુકુંજ હોલની પાછળ, વાલજી લઘા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.**
**સમય** : બપોરે ૩.૦૦ થી ૭.૦૦ (ચા-પાણી તેમજ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.)

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડીટ રિપોર્ટ તા.૧૯-૧૨-૨૦૧૨થી ૨૨-૧૨-૨૦૧૨ દરમ્યાન બપોરે ૪ થી ૬ વચ્ચે મુંબઈ કાર્યાલયે જોઈ શકાશે. આપણા સંઘની વેબસાઈટ ઉપર પણ મુકવામાં આવેલ છે. સભ્યો ત્યાં પણ જોઈ શકે છે.

**❋ નમ્ર નિવેદન ❋**

વાર્ષિક નિભાવ ખર્ચ માટે રૂા.૧૧,૦૦૦/-ના નકરા નીચે મુજબ દરેક પૂજાના રાખેલ છે. સભ્યોને લાભ લેવા વિનંતી.

**૧) વાસક્ષેપ પુજા ૨) પક્ષાલ પુજા ૩) અંગલુછણાં ૫) ચંદન પુજા**
**૫) ફુલ પૂજા ૬) ધૂપ પૂજા ૭) ઘૃત પૂજા**

**શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી**

**સુરેશ વિરચંદ દંડ** (માનદમંત્રી)

**અશ્વીન લક્ષ્મીચંદ દૌલત** (સહ માનદમંત્રી)

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત મહાજનના ઉપક્રમે તા.૨૬ અને ૨૭ જાન્યુ'૧૩ (શનિ. રવિ) રજાના દિવસે મુંબઈમાં ટ્રસ્ટબોર્ડ, મહાસમિતિ અને સમસ્ત જ્ઞાતિસ્તરે સંસ્થાકીય અધિકારીઓ/કાર્યકરોની સંયુક્ત બેઠકનું આયોજન છે. જેમાં જ્ઞાતિની સર્વાંગીણ પ્રગતિ માટે અને હાલમાં યોજાયેલ સમગ્ર જ્ઞાતિ જનજાગરણ સંપર્ક અભિયાનના સારાંશને લક્ષ્યમાં લઈ જ્ઞાતિને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચાવિચારણાં કરાશે.

આ બે દિવસીય સત્રમાં મુંબઈ મહાજનના ઉપક્રમે જ્ઞાતિસ્તરીય વ્યાપારમેળો યોજાશે જેમાં જ્ઞાતિજનોને વિવિધ કલા, વ્યાપાર વ્યવસાય, ઉદ્યોગ અને વિવિધ સેવાઓને લગતા વેંચાણ સ્ટોલ્સ પદર્શન યોજાશે.

આ ઉપરાંત જ્ઞાતિની સાર્વજનિક પ્રવૃતિઓ-સેવાઓની માહિતી અને માર્ગદર્શન અપાશે. ઉપયોગી માહિતી, જ્ઞાનગમ્મત આનંદ પ્રમોદ સહ અનેક આકર્ષણો રહેશે. જે કાર્યક્રમ પણ જાણવા અને માણવા જેવો રહેશે. આ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે.

આ પ્રસંગે જ્ઞાતિ વસતીપત્રક સમિતિ દ્વારા જ્ઞાતિના ૮મા વસતીપત્રકની નવી વેબ સાઈટનું વિમોચન પણ કરાશે.

### મુંબઈ મહાજન દ્વારા ૬૯મો સમુહલગ્ન સમારોહ

મુંબઈ જ્ઞાતિ મહાજનના ઉપક્રમે ૬૯મો સમુહલગ્ન સમારોહ તા.૧૬-૧૨-૧૨નાં સવારે વાગે શેઠ નરશી નાથા બેંકવેટ હોલ, અનંતસિધ્ધિ સંકુલ, ભાંડુપ (વે)માં યોજાયો છે. આ સમારોહમાં પાંચ નવયુગલો પ્રભુતામાં પગલાં માંડશે. આ નવયુગલોને આશિર્વાદ આપવા સગાસંબંધીઓ ઉપરાંત જ્ઞાતિના અગ્રાણીઓ, કાર્યકરો અને શુભેચ્છકો પધારશે.

### શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

જ્ઞાતિના ૮મા વસતીપત્રકના માહિતી ફોર્મ ૭૫% જેટલા આવી ગયા છે. આ સપ્તાહમાં બાકી રહેતા ફોર્મ તુરંત મોકલી આપવા સર્વેને હાર્દિક અપીલ કરાઈ છે જેથી નવી વેબસાઈટમાં પુરી માહિતી આવરી શકાય.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૨૩-૧૨-૧૨ના રાતે ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી પરિવાર (લાલા)એ લીધેલ છે. તા.૨૦-૧-૧૩ના ભાવનાનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર (નલીયા) એ લીધેલ છે. સર્વેને પધારવા આમંત્રણ.

### લાલપુર-ભલારાદાદા સ્થાનક

ચૈત્રી પુનમે લાલપુર પધારવા ઈચ્છુકો તા.૨૩-૪-૧૨ થી ૨૫-૪-૧૨ ધ્વજા મહોત્સવ હોઈ રેલ્વેની ટીકીટ બુકીંગ અગાઉથી કરાવી લેવા અપીલ છે. વેકેશન હોઈ પ્રવાસી જનતાનો ધસારો રહેશે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નાગપુર

મહાજનશ્રીના ઉપક્રમે જ્ઞાતિજનોનું દિપાવલી મિલન તા.૨૫-૧૧-૧૨ના શ્રી જલારામ ભવનમાં યોજાયેલ. સર્વ પ્રથમ નાના બાળકોના હસ્તે ગુલાબના ફૂલોથી વડીલોનું સ્વાગત કરાયેલ. ત્યારબાદ જ્ઞાતિ શિરોમણીની છબીને હારારોપણ તથા દિપ પ્રજ્વલન ટ્રસ્ટીઓના હસ્તે કરાયેલ. બાળકો દ્વારા નવકારપઠન થયેલ. ત્યારબાદ મહાજન પ્રમુખશ્રીએ મહાજન વતીએ બધા પરિજનોને સાલ મુબારક સાથે આવકાર આપેલ. મહાજનશ્રીનો પ્રવૃતિ અહેવાલ પત્રવ્યવહાર અને અન્ય જ્ઞાતિઉપયોગી માહિતી અપાયેલ.

નાગપુર સ્થાનિક વસતિપત્રક તૈયારી માટે સહસચિવશ્રીએ જણાવેલ. મહાજનનું બંધારણ તથા પેન કાર્ડ નોંધાણી બદલ કોષાધ્યક્ષશ્રીએ જાણકારી આપેલ. ડિસેંબર સુધી તૈયારીના પ્રયત્ન છે. તેમજ પ્રમુખશ્રીએ સમસ્ત મહાજનનો પત્ર, શ્રી શાંતિજિન ગ્રુપ-મુંબઈ તેમજ શ્રી અચલગચ્છ જૈન

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

નાંદેડ ગુજરાતી સમાજના પ્રમુખપદે ચુંટાવા બદલ શ્રી કેતન કુલીનકાંત નાગડા (તેરા)ને હાર્દિક અભિનંદન.

"તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

સંઘ આદિપુરના આમંત્રાણપત્રોની માહીતી આપી.

તેમજ નાગપુર, ગુજરાતી સમાજ યોજીત મોતિબિંદુ ચેકઅપ/ઑપરેશન અને `Voice of Gujrat' આયોજનની માહિતી આપી. ત્યારબાદ હાઉસી ગેમની રમઝટ રમી દિપાવલી મિલન પ્રસંગે જમણવારનો લાભ લઈ બધા છુટા પડ્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–સુરત

સુરત મહાજનના ઉપક્રમે નવા વર્ષની પ્રથમ મહાકાળી માતાજીની ભાવના તા.૨૫-૧૧-૧૨ના સાંજના ૪ વાગે શ્રી કિરણભાઈ લાલજી પટેલ (મૈશરી)ના નિવાસસ્થાને રાખવામાં આવેલ. ૬૦ ભાવિકો ઉપસ્થીત રહી સુંદર રમઝટ સાથે ભાવનામાં રંગત જમાવેલ. ભાવના બાદ શ્રી કિરણ લાલજી પટેલ પરિવારે ગોઠવેલ પ્રસાદ અને અલ્પાહારનો લાભ લઈ છુટા પડ્યા. તા.૩૦-૧૨-૧૨ના સાંજના ૪ વાગે શ્રી સુનિલભાઈ પ્રભુલાલ ખોનાના નિવાસસ્થાન “આશિયાના” બી-૫૬, યોગીકૃપા સોસાયટી, ન્યુ સિવીલ રોડ, સુરતમાં રાખવામાં આવી છે. સંપર્ક : ૦૨૬૧-૨૨૩૩૩૦૧/૦૯૮૯૮૮૭૭૩૩

### શિયાડ પરિવાર–દલતુંગી

દલતુંગીના શિયાડ ગોત્ર પરિવારના ભાવિકોની કુળદેવી મોમાઈ માતાજીની સમુહપહેડી રવિ. તા.૨૩-૧૨-૧૨ના સવારે જયેશ ભુવન, અગાશીમાં દાતા માતુશ્રી રાજબાઈ ડુંગરશી ધારશી શિયાડ પરિવાર હ. શ્રી ભરતભાઈ (મુંબઈ) અને માતુશ્રી વિજયાબેન હિંમતલાલ છગનલાલ શિયાડ પરિવાર હ. શ્રી હીરેનભાઈ (જામનગર) તરફથી યોજવામાં આવી છે. આ પ્રસંગે શિયાડ પરિવારનાં સર્વે ભાવિકો તથા તેમની નિયાણીઓને સપરિવાર પધારવા આમંત્રણ છે. આ અવસરે ડોંબીવલીથી ભાવિકો બસ દ્વારા જઈ પહેડીમાં ભાગ લેશે. સંપર્ક : શ્રી બિપીન શામજી શિયાડ-૯૩૭૧૪૮૪૭૪૦

### ગુજરાતમાં સમુહલગ્નોને સરકારી મદદ અપાશે

ગુજરાતમાં રાજ્યસરકારે દરેક જ્ઞાતિ-સમાજના યોજાતા સમુહલગ્નની પ્રથાને પ્રોત્સાહન આપવા સરકારી સહાયતા અપાશે તેવી ભાજપના ચુંટણી ઢંઢેરામાં જણાવાયું છે. આ ઉપરાંત રાજ્યના સર્વાંગીણ વિકાસ અનેક વિકલ્પો અને સુવિધાઓ-યોજનાઓની જાહેરાત કરાઈ છે.

### કંડલાબંદરને આંતરરાષ્ટ્રીય એવોર્ડ

કંડલાબંદરના નેત્રદિપક વિકાસને નજર સમક્ષ રાખી આંતરરાષ્ટ્રીય કક્ષાના 'Port of the year' એવોર્ડ માટે પસંદગી થઈ છે. આ કચ્છની પ્રગતિમાં એક વધુ ગૌરવપ્રદ યશકલગી ઉમેરાઈ છે.

### સખીવૃંદ–પુના

નવેમ્બરની મીટીંગ કોમલબેન ધરમશીના ઘરે યોજાઈ. નવકારમંત્રના પઠનથી શરૂઆત થઈ. દીપાવલીપર્વને લક્ષમાં રાખી તેમણે ક્રીસ્ટલ દીવા કેમ બનાવવા એનું પ્રત્યક્ષીકરણ દાખવ્યું ઘરઆંગણે સુંદર રંગોળી કરી હતી, ઘરમાં દીવા પ્રગટાવ્યા હતા તથા અન્ય સજાવટ પણ દિવાળીને અનુરૂપ હતી.

ક્રીસ્ટલ દીવા બનાવવા માટે તેમણે નાના મોટા માપના તેમજ વિવિધ આકારના અરીસાના ટુકડા લીધા; નીચે પ્લાય તેમ જ નાના સ્ટેન્ડ બોન્ડ ફીક્સથી બેસાડ્યા હતા. અને દીવા માટે કાચની નાની વાટકી ફીક્સ કરી. આજુબાજુ લેશ લગાડી, ફૂલપાન તેમજ અન્ય આકારના ક્રીસ્ટલથી ડીઝાઈન બનાવી કલાત્મક સજાવટનું પ્રદર્શન કર્યુ. ઝૂલતા દીવા બનાવતા શીખવાડ્યુ અને બનાવેલ તોરણ બતાવ્યું. એના વિવિધ ઉપયોગ બતાવ્યા.

આમ કોમલબેને પોતાની આગવી કળા-કારીગરીનો રસથાળ પીરસ્યો. આ સજાવટનો વિષય રસપ્રદ રહ્યો. સર્વે બહેનોને પોતાના જન્મદિવસ તેમજ પુત્રજન્મની ખુશાલીમાં ક્રીસ્ટલ દીવા ભેટ આપ્યા.

### નાંદેડમાં ચાતુર્માસ–પરિવર્તન

પુ. દિવ્યગુણાશ્રીજી મ.સા. તથા પુ. કોટીગુણાશ્રીજી મ.સા. ચાતુર્માસપુર્ણ થતાં તા.૨૯-૧૧-૧૨ સવારે ચાતુર્માસ પરિવર્તન નિમિતે શ્રી ચંદ્રપ્રભ દેરાસરથી દર્શન કરી શા. લીલાધર ગાંગજી લાપશીયાના નિવાસસ્થાને પધાર્યા. એમની સાથે સકળ સંઘ જયનાદ કરતાં પધારેલ. સામુહીક ગુરૂવંદના બાદ પુ.શ્રી.એ પ્રવચન આપ્યું. ચાતુર્માસ હોય છે જીવનમાં પવિવર્તન લાવવા માટેજ તમારામાં શું પરીવર્તન આવ્યું એનો તમે વિચાર કરજો, દેવ-ગુરૂના સાનિધ્યે તમે જીવનમાં કંઇક નવું અનુભવી રહ્યા હશો.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

ચાતુર્માસની પ્રેરણા આરાધનાથી તમે શું પામ્યા એનું મંથન કરી જીવનમાં કોઇક નીયમ લેજો. યથાશક્તિ રાત્રીભોજન ત્યાગ, કંદમુળત્યાગ, પ્રતીક્રમણ કરવું, દેવ-દર્શન-પુજા સામાઈક વગેરે આરાધના કરતા રહેજો.

શા. લીલાધર ગાંગજી લાપસીયા પરીવારે સંઘ નવકારશીનો લાભ લીધેલ.

## રાપર ગઢવારી-નાનીસિંઘોડી જ્ઞાતિ સંઘ

રાપરગઢ-નાનીસિંઘોડી સંઘના ઉપક્રમે ચોથો સ્નેહમિલન રવિ. તા.૨-૧૨-૧૨ના થયેલ. પ્રારંભે દિપ પ્રાગટ્ય, માતુશ્રી લક્ષ્મીબેન પદમશી મૈશેરી પરિવાર (નાની સિંઘોડી) દ્વારા કરવામાં આવ્યું. નવકારપઠન અને સ્વાગત બાદ ચેતનાબેન કિર્તીભાઈ હરિયા અને સાથી કલાકારોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ. મંચપર અતિથિવિશેષ મહાનુભાવો : શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (વરાડિયા-માટુંગા), શ્રી ચીમનભાઈ મેઘજી મોતા (વારાપધરવાલા-મુલુંડ) અને શ્રી છત્રપતિ નરશી દંડ (વરાડીયાવાલા-મલકાપુર) હતા.

૬૦૫ ગામવાસીઓ તથા નીયાણી બહેનોની હાજરીમાં સુંદર કાર્યક્રમ થયેલ. ગામનાં મુરબ્બી શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડા અને શ્રી ચાંપશી ભારમલ નાગડાની યાદ તાજી કરનારી વિડીઓ સીડીનું પ્રસારણ સાથેજ સવંત ૨૦૬૮માં ઉજવાયેલ ઐતિહાસિક ધ્વજા મહોત્સવનું પ્રસારણ ગામવાસીઓએ માણ્યું જેનું સંપુર્ણ શ્રેય શ્રી જીતેન દિલીપ લક્ષ્મીચંદ નાગડા (મસ્જીદબંદર) ને ફાળે જાય છે. ગામવાસીઓને આ સીડીનું વિનામુલ્ય વિતરણ એમનાજ પરિવાર તરફથી કરવામાં આવેલ. શ્રી ગોડીયાજી પાર્શ્વનાથ સખી મંડળની બહેનો દ્વારા નવાં મેમ્બરોનું રજીસ્ટ્રેશન થયું. વિવિધ દાતાઓ દ્વારા સખી મંડળને અનુદાન ભેટ મળેલ છે જેનો ઉપયોગ ભવિષ્યમાં શૈક્ષણિક તથા વૈદ્યકીય સહાયતા હેતુ કરવામાં આવશે. સખી મંડળની પ્રવૃતિઓને સૌએ વધાવી લીધેલ. તા.૧૮-૬-૨૦૧૩ના ધ્વજાનો લાભ માતુશ્રી દેવકાબાઈ ટોકરશી પાશ્વીર લોડાયા હસ્તે શ્રી લલીતભાઈ ટોકરશી લોડાયા (હૈદરાબાદ) એ લીધેલ છે. ત્યારબાદ ચેતનાબેન હરિયા દ્વારા હાઉઝી ગેમ, સ્તવનો/ગુજરાતી-કચ્છી લોકગીતોના સથવારે આયોજન થયેલ જેમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાઈ-બહેનોએ ભાગ લીધેલ. ઇનામોનું વિતરણ દાતા પરિવાર તરફથી કરવામાં આવેલ.

ઉંમરગાવ, રાયપુર, હૈદરાબાદ તથા અન્ય સ્થળોએથી પધારેલ ગામવાસીઓનું સંઘ દ્વારા આવકાર કરવામાં આવેલ. બન્ને ગામના યુવક-યુવતીઓ દ્વારા અસલ કચ્છી મટુકડી, રાસ ગરબા અને દાંડિયા રાસ કરવામાં આવેલ.

સ્થાનિકે નવી સેનીટોરીયમ (૧૫ રૂમો અને ૯૦૦ ચો. ફૂટના હોલ સાથે) નું પ્રતિક પ્રદર્શન રાખવામાં આવેલ. સ્થાનિકે નુતનીકરણ થયેલ જ્ઞાનશાળાના દાતાઓનું નકરો રૂા.૧૧,૦૦૦/- નક્કી થયેલ છે. જે માટે ૧૨૫ દાતાઓના નામ લેવાશે. જેમનું નામ જ્ઞાનશાળામાં કાયમી અંકિત કરવામાં આવશે. ભોજનની વ્યવસ્થઆ જ્ઞાતિનાંજ "5 Star" કેટરર્સ દ્વારા સુંદરરીતે પાર પાડેલ તે બદલ સંઘે એમનો આભાર મનેલ. ત્યારબાદ બપોરે ચાનો આસ્વાદ લઈને ગામવાસીઓ છૂટા પડ્યા. બન્ને ગામના કાર્યકરોએ સ્નેહમિલન સફળ બનાવવા સુંદર જહેમત લીધી.

## અમરાવતી

અત્રે પૂ.સા. દિવ્યજ્યોતિશ્રીજી મ.સા.ની નિશ્રામાં સુંદર ધર્મ આરાધના થઈ. પૂજ્યશ્રીના ૪૮મા જન્મદિન પ્રસંગે જન્મથી સંયમ સુધીની સંઘર્ષ યાત્રા નાટ્યસ્વરૂપે બાળકો દ્વારા ભજવાઈ. ધાર્મિક પ્રશ્નોત્તરી દ્વારા ધર્મજ્ઞાન અપાયું. ખરા જવાબ આપનારા બાળકોને ઇનામો અપાયા. લાભ પાંચમનાં દાદાવાડીમાં શત્રુંજય ભાવયાત્રા રખાઈ. આ પ્રસંગે ભાતા તથા સ્વામીવાત્સલ્યનો દાતાઓએ લાભ લીધેલ.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-ખામગામ/શેગાંવ

પૂ.સા. વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા.૮-૧૧-૧૨ સુધીમાં સંઘના ઘરોમાંથી ઉપયોગમાં ન લેવાતા ધાર્મિક પુસ્તકો, પ્રતિમાઓ, ફોટાઓ, કટાસણાં, મુહપત્તી વગેરે ધાર્મિક ઉપકરણો ભેગા કરવામાં આવ્યા. આ અભિયાનનું મુખ્ય ઉદેશ આશાતના ટાળવા માટે તેમજ એ ઉપકરણોને સારી જગ્યાએ ફરી ઉપયોગમાં લેવાય તેવી વ્યવસ્થા કરવાની છે. એકત્ર થયેલ વસ્તુઓ મુંબઈમાં બીરાજમાન પૂ. મુનીરાજશ્રીને મોકલવામાં આવેલ.

દેરાસરમાં દશેરાથી બહેનોએ સ્ટાફ કે પુજારીના ભરોસે ન રહેતાં અને આશાતનાથી બચવા અંગલુછણાં રોજ ધોવાનું શરૂ કરેલ છે. એ માટે દરેક સભ્યોએ પોતાનો વારો સ્વેચ્છાએ જણાવી દીધેલ છે.


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UKKHIMJI & CO.
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

જ્ઞાનપાંચમના ૪૫ આગમ ગ્રંથોને સજાવવાનો ઉપક્રમ પુ. વિજયપૂર્ણાશ્રીજીની નિશ્રામાં લેવામાં આવેલ. તેમાં મંચની ૧૫ બહેનોએ ભાગ લીધેલ. જૈન-દર્શનના વિવિધ તત્વોની માહિતી આપતાં સચિત્ર બેનર્સ તથા જ્ઞાનની આરાધના અને વિરાધનાની ઉપયોગી માહિતી દર્શાવવામાં આવેલ.

તા.૨૫-૧૧-૧૨ના મહિલામંચની મીટીંગમાં શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.એ ચાતુર્માસ બાદ પણ બધાની આરાધના ચાલુ રહે તેવા નિયમો આપ્યા અને બધાને જોડાવવા માટે સુંદર સમજ પ્રેરણા આપી. આ પ્રસંગે પ્રશ્નોતરી કાર્યક્રમ રાખીને સભ્યોની સમસ્યાઓનુ નીવારણ કરી ધર્મ માહિતી આપી. પૂ. મહાત્માઓને વહોરાવવાના ઉપકરણો વિષે તેમજ ચોમાસા પહેલા વૈયાવચ્ચ કેમ કરવી અને કઈ કઈ વસ્તુઓ વહોરાવી શકાય (કલ્પે) તેનું માર્ગદર્શન આપ્યું.

કારતકી પુનમના પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી શત્રુંજય તીર્થ પટ્ટદર્શન, ખમાસમણાં અને ચૈત્યવંદન કરીને એક અભિનવ ૧૬ ઉધ્ધારનો કાર્યક્રમ થયેલ, તેમાં સંઘનાં સર્વ સભ્યો જોડાયા. ૧૬ ઉધ્ધાર કરનારા ૩૨ પરિવારો તરફથી સ્વામીવાત્સલ્યનું આયોજન થયેલ. ચાતુર્માસ પરીવર્તનનો લાભ ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ સંકલેચા અને શ્રી હીરેનભાઈ લોડાયાએ લીધેલ. દરેક કાર્યક્રમમાં ખુબ ઉમંગ અને ઉત્સાહથી બહેનોએ ભાગ લઈને ચાતુર્માસમની રૂડી આરાધના કરેલ.

### શ્રી કચ્છ યુવકસંઘ દ્વારા રક્તદાન શિબિરો

સંઘ દ્વારા ચેમ્બુર, ડોંબીવલી, મુલુન્ડ, બોરીવલી વગેરે સ્થળે તા.૯-૧૨ના ૪૯મી રક્તદાન શિબિરો યોજાઈ. મુલુન્ડમાં તા.૯-૧૨-૧૨ના સહયોગી સંસ્થાઓના સથવારે ફ્રી થેલેસેમીયા ચેક અપ કેમ્પ પણ રખાયું છે. જેમાં શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુન્ડ પણ સહભાગી થયું છે.

### શ્રી છતીશગઢ કચ્છી જૈન સંઘ

શ્રી સંઘ દ્વારા નૂતનવર્ષે ૧૪-૧૧-૨૦૧૨ના સવારના ૬ વાગે જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન કાર્યક્રમ થયેલ. લાભાર્થી પરિવારો : જિનાલય મૂલનાયક દ્વાર ઉદ્‌ઘાટન માતુશ્રી વિજયાબેન જેઠાભાઈ લાલકા, અચલગચ્છ દાદા ગુરૂદેવ મંદિર-શ્રી પાનાચંદ તેજપાર લોડાયા, શ્રી વિજયશાંતિ ગુરૂદેવ મંદિર-સ્વ.શ્રી વિરચંદ કુંવરજી છેડા પરિવારે લાભ લીધેલ.

લાભ પાંચમ તા.૧૮-૧૧-૧૨ના જ્ઞાનની સ્થાપના કરી પુજા કરાઈ. બધા ભાવિકોએ સારી સંખ્યામાં લાભ લીધેલ.

પુનમ તા.૨૮-૧૧-૧૨ના શંત્રુજય તીર્થ પટની સ્થાપના દેરાસરના હૉલમાં કરવામાં આવેલ. ભાવયાત્રાનું કાર્યક્રમ સવારના ૯ વાગે રાખેલ. ભાતાના લાભાર્થી માતુશ્રી જેતબાઈ ગોવિંદજી મોમાયા પરિવાર હતા.

### ચેમ્બુરમાં રક્તદાન શિબિર

શ્રી કચ્છી યુવક સંઘ આયોજીત એંકરવાલા રક્તદાન અભિયાન અંતર્ગત ચેમ્બુરમાં તા.૯-૧૨-૧૨ના સવારે ૯ થી ૫માં શાળામાં રક્તદાન શિબિર યોજાઈ છે. જેનું ઉદ્‌ઘાટન મંડળના પ્રમુખ શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયાના હસ્તે છે.

### વડાલામાં દિવાળી નિમિત્તે આંગી રચના

વડાલા સંમાં શ્રી સંભવનાથ જિનાલયે પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં દિવાળી પર્વ નિમિત્તે નિત્ય સવારે વ્યાખ્યાન ફરમાવેલ. દિવાળી પર્વમાં સંઘના સર્વે જિનાલયોમાં પરમાત્માની સુંદર અંગરચના રચવામાં આવેલ. સકળ સંઘે દર્શનનો લાભ લીધેલ. સંઘના ભાઈબહેનોએ ગીત અને સંગીતના સથવારે ભાવનાની રમઝટ બોલાવેલ.

### મૈત્રી ગ્રુપ-ઘાટકોપર

દિવાળી નિમિતે ૫૦ ઘરે અનાજ મોકલીને ગ્રુપના બધા મેમ્બરોએ દિવાળી ઉજવેલી. કુલ ૧૧ આઈટમ અને ૧૧ કીલો માલ એમ કુલ મળીને રૂા.૫૦ હજારની સહાયતાનો પ્રોજેક્ટ પૂરો કર્યો. આ કાર્યમાં સહભાગી દાતાઓનો સંસ્થા આભાર માને છે. ગામેગામ આ પ્રમાણે બહેનોના ગ્રુપ રચીને કાર્ય થઈ શકે છે. કીટી પાર્ટી, પીકનીક અને મનોરંજન સાથે માનવતાનું સુંદર કાર્ય ઉભું કરી શકાય. આવી મોંઘવારીમાં સાધર્મિકો માટે કાર્ય કરવા મહિલા જગતને અપીલ છે. વધુ વિગત માટે સંપર્ક : મૈત્રી ગ્રુપ-અલ્પા ઘનશ્યામ લાલકા ફોન ૨૫૦૬૩૧૧૮


લગ્ન પ્રસંગોને દિપાવવા...
**પાલવ** બાંધણીનું વિશેષ આયોજન
• ઘરચોળા અને બોર્ડર ફેસ્ટીવલ
આવો, જાણો અને મેળવો...
વિશેષ લાભ (સ્પેશિયલ ઓફર)
• બાંધણી • ડ્રેસ મટિરિયલ્સ • ફુટવેર • હેન્ડબેગ
**પાલવ** શોપ નં.૧, "ઓ" વિંગ, વર્ધમાનનગર, ભક્તિમાર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
ફોનઃ 25616842/25906287
રવિવારે વિશ્રામ

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ–વડોદરા

મંડળ દ્વારા આ વર્ષે દિવાળીના સમૂહ ચોપડાપુજન તા.૧૩-૧૧-૧૨ના બપોરના ૩.૩૦ કલાકે શ્રી કે.ડી.ઓ. ભવનમાં યોજેલ. આ ચોપડા પુજનમાં જ્ઞાતિની ૧૩ કંપનીઓએ ભાગ લીધેલ. પુજનની વિધી શ્રી હીરજીભાઈ નાગડાએ સુંદર રીતે કરાવી હતી. પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.એ દરેક ચોપડા પર વાસક્ષેપના છાંટણા કરી માંગલિક સંભળાવેલ. છેલ્લે અલ્પાહારનો લાભ લીધો.

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ–વડોદરા

મંડળ દ્વારા શરદ પૂર્ણીમાંની ઉજવણી તા.૩૦-૧૨-૧૨ના રાત્રે કે.ડી.ઓ. ભવનમાં થઈ. ઢોલ-શરણાઈના સુર સાથે રાસ-ગરબામાં સૌએ આનંદ-ઉમંગે ભાગ લીધો. રાસ, ગરબા અને દાંડીયાની વિવિધ સ્પર્ધાઓમાં ઇનામો સમાજ તરફથી આપવામાં આવ્યા. તેમાં નાના બાળકોના ગ્રૃપમાં ગરબામાં ડીમ્પલ નાગડા, મટુક્કડીમાં ઉદીત લોડાયા, દાંડીયા રાસમાં જીગર નાગડા તથા ડ્રેસ હરીફાઈમાં સિધ્ધિ મોમાયા, જય નાગડા અને પ્રાંજલ આવ્યા.

મોટા ગૃપમાં ગરબામાં અમિષા દંડ, ભક્તિ ખોના, મટુકડીમાં જયાબેન જીવાણી, ઉષાબેન લોડાયા તથા ભવ્યા, દાંડીયામાં હંસાબેન લોડાયા, નયનાબેન નાગડા, રૂપલ લોડાયા તથા આશીષ વિકમશી અને બેસ્ટ ડ્રેસમાં કુમુદબેન લોડાયા વિજેતા થયા હતા.

જીનલ શાહ તથા બોબી ધરમશીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સૌએ દુધ-પૌંઆ તથા અલ્પાહારનો લાભ લીધો. યુવક મંડળના સેક્રેટરી મનોજ ઘુલ્લાના હસ્તે સૌ વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવેલ.

## શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ–કારંજા–મૂર્તિજાપુર

મંચની બેઠક તા.૧૬-૯-૧૨ના સૌ. ભારતીબેન સુધીર મોતા (મુર્તીજાપુર)ના ઘેર રાખવામાં આવેલ. નવકાર મંત્ર પઠન બાદ આગામી પ્રવૃતિઓની ચર્ચા વિચારણા થઈ. ગેમ્સ રમાડવામાં આવી. કેરમની ગેમમાં પ્રથમ વિજેતા સૌ. દર્શના હરીશ ગોસર, દ્વિતીય સૌ. રુપાબેન નંદીશ લોડાયા આવેલ. છત્રી અને પત્તાની ગેમમાં પ્રથમ સૌ. પ્રજ્ઞાબેન જે. હરીયા, દ્વિતીય સૌ. કોમલબેન દિલીપ લોડાયા આવ્યા. વિજેતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. અલ્પાહાર પછી સૌ છૂટા પડ્યા.

તા.૧૦-૧૧-૧૨ની મંચની બેઠક સૌ. યોગીતા બીપીન ગોસરના ઘરે રાખવામાં આવી. નવકાર મંત્ર પઠનબાદ પ્રવૃતિ ચર્ચા કરી વન મીનીટ ગેમ રમાડવામાં આવી. જેમાં પ્રથમ સૌ. કોમલબેન દિલીપ લોડાયા અને સૌ. રૂપાબેન નંદીશ લોડાયા દ્વિતીય આવ્યા. અલ્પાહાર પછી સૌ છૂટા પડ્યા.


**નલીયા માટે મનેજર–રસોઇયાની જરૂરત છે.**

**નલિયા મુકામે મહાજન દ્વારા સંચાલીત**

ભોજનશાળા તથા ઓફીસ માટે નામું લખી શકે તથા દેખરેખ રાખી શકે એ માટે મેનેજરની જરૂર છે તથા ભોજનશાળા માટે રસોઈયાની જરૂર છે.

ક.દ.ઓ. જ્ઞાતિજન (જોડી) ને પ્રથમ પસંદગી રહેવાની સગવડ છે.

**સંપર્ક : શ્રી પીનાકીન છેડા - 9322108086**
**શ્રી મુલચંદ મોતા - 9846214203**

"મહાવીર"–માટુંગા "મહાવીર"–માટુંગા "મહાવીર"–માટુંગા

**એમ્બ્રોઇડરીનો નવો સ્ટોક મહાવીરમાં**

- હાથ અને મશીનની રેશમભરતની ભારે પારસી સાડીઓ
- રેશમ-જરી-સ્ટોન-પીટાવર્ક-બાદલાની ભારે તૈયાર સાડીઓ
- પારસી ભરતની કુર્તીઓ
- કસબ-બટકસબની તૈયાર સાડીઓ ઘરચોળાની બોર્ડરો.
- બાંધણી માટે ફેન્સી બોર્ડરો
- પ્લેન તેમજ ફેન્સી ડાયબલ સાડી મટેરીયલ
- રીયલ તથા ટેસ્ટેડ ઘરચોળા
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટ્રેશન વર્ક, હેન્ડવર્ક તેમજ મશીનવર્ક કરી આપશું.

ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડર અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

**મહાવીર'સ એમ્બ્રોઇડરી**

મહાવીર કંપાઉન્ડ, સ્ટેશન પાસે, માટુંગા.
ફોન : 2402 5070 / 6504 6030
મો. 086522 39537
website : www.mahavirembroidery.in
(રવિવારે બંધ)

"મહાવીર"–માટુંગા "મહાવીર"–માટુંગા "મહાવીર"–માટુંગા

**ખુશ ખબર**

**ઉચ્ચ ગુણવતાવાળા સુકામેવા (ડ્રાયફ્રુટસ), ચોકલેટ, ખજુર અને મુખવાસ બારેમાસ હોલસેલ ભાવે મળશે.**

(હોમ ડિલીવરી કરશું.)

સંપર્ક : **નીતા મુકેશ શાહ,**
૫-દેવ આશિષ (લાલ બંગલો), પહેલે માળે,
ઉપાશ્રય લેન, ઈન્ડીયન બેન્કની સામે,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭.
**ફોન: 2501 1455 / 93230 30141.**

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**અશ્વીન ઠાકરશી મોતા** ૩૩, રિધ્ધિસિધ્ધિ ટેનામેંટસ, ઉમા વિદ્યાલય પાસે, તરસાલી,વડોદરા-૩૯૦૦૦૮

**પુષ્પાબેન મહેશ મોમાયા** ધર્મસિંધુ, કચ્છ વિપશ્યના કેન્દ્ર, બાડા (કચ્છ) ૩૭૦૪૭૫

**મયુર જે. લોડાયા** ૧૧-એ, ભારતનગર, પ્લોટ બી-૧૬૪, ગાંધીધામ (કચ્છ) ૩૭૦૨૪૦

**જતીન લક્ષ્મીચંદ દંડ** ૧૦૨, શિવામૃત, પેંડસેનગર નં.૫, હિન્દી હાઇસ્કૂલની બાજુમાં, ડોંબિવલી (ઈ)-421201 મો.8080854966, 9820301283

**જ્યાબેન લક્ષ્મીચંદ નાગડા** અચલગચ્છ સોસા.,પ્લોટ ૫-૬એ, સર્વે નં.૨,મહાવીર નગર, અંતરજાળ, આદિપુર (કચ્છ)370205 ફોન: 9998120741

**નવલબાઈ કે. ખોના** અરીહંત ૧લે માળે, ડોર નં.V/૧૦૦૦બી, બોમ્બે ટેલરીંગ, વાઝી, કોચીન-૬૮૨૦૦૨.

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨-૮-૧૨ | મુલુન્ડ | JKDH100103 | જય-મિલન વિજય ધરમશી | જખૌ | પુત્ર |
| ૧૯-૧૦-૧૨ | મુલુન્ડ | SISO011704 | નેવાન-હીરેન કિશોર સોની | સાંયરા | પુત્ર |
| ૩-૧૧-૧૨ | વડોદરા | SNMA012403 | હિમાંક-કપિલ લહેરચંદ મૈશેરી | નાનીસિંધોડી | પુત્ર |
| ૭-૧૧-૧૨ | રાયપુર | SNMA012305 | હનિકા-પિયુષ હીરાચંદ મૈશેરી | નાનીસિંધોડી | કન્યા |
| ૧૦-૧૧-૧૨ | ડોંબિવલી | SIMO120203 | પ્રિયેશ-ગૌરવ ખુશાલ મોમાયા | સાંયરા | પુત્ર |
| ૧૦-૧૧-૧૨ | મુલુન્ડ | SISO011703 | માયરા-પારસ કિશોર સોની | સાંયરા | કન્યા |
| ૬-૧૨-૧૨ | ઇંદોર | SADD | હીત-યશ પ્રદીપ દંડ | સાંધવ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩-૧૧-૧૨ | ઉંઝા | SUDU030804 | હર્ષલ શૈલેશ દેવશી ધુલ્લા | સુથરી | ૨૪ |
| | હુબલી | NLCD051003 | વિધિ હીરેન કુંવરજી છેડા | નલીયા | ૨૨ |
| ૨-૧૨-૧૨ | સેલમ | KUMT020805 | દિપેન રાયચંદ માલશી મોતા | કુવાપધર | ૨૮ |
| | હુબલી | NLKN090303 | પ્રિયંકા કમલેશ ખેતશી ખોના | નલીયા | ૨૩ |
| ૩-૧૨-૧૨ | ઘાટકોપર | JKMA061404 | ડિમ્પલ (કુમાર) મહેન્દ્ર ઉમરશી મૈશેરી | જખૌ | ૨૮ |
| | બેલગામ | SUDH0302705 | હેમલ દિનેશચંદ્ર નેણશી ધરમશી | સુથરી | ૨૫ |
| ૪-૧૨-૧૨ | ડોંબીવલી | DASL040904 | શૈલેષ કાંતિલાલ વીરજી શિયાળ | દલતુંગી | ૨૮ |
| | ડોંબીવલી | DALO101203 | બીનલ કમલેશ શામજી લોડાયા | દલતુંગી | ૨૩ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦-૧૧-૧૨ | કરાડ | TRNG302303 | હર્ષ રમેશ વાલજી નાગડા | તેરા | ૩૫ |
| | ધુલીયા | BYDH010303 | નેહલ રમેશ ભવાનજી ધરમશી | બાયઠ | ૩૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૧૧-૧૨ | ડોંબિવલી | KRMT070903 | ભાવેશ વિનોદ ગોવિંદજી મોતા | કોઠારા | ૨૯ |
| | અંધેરી | A | શીતલ બાબુભાઈ છગનભાઈ પટેલ | સુરત | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦-૧૧-૧૨ | ઘાટકોપર | LLDD080601 | સુર્યકાંત રામજી જેઠાભાઈ દંડ | લાલા | ૭૬ |
| ૧-૧૨-૧૨ | મુલુંડ | DUPL030502 | સુશીલાબાઈ ઝવેરચંદ લક્ષ્મીચંદ પોલડીયા | ડુમરા | ૭૦ |
| ૨૯-૧૧-૧૨ | મીરારોડ | JKDH020101 | વાલબાઈ ખેતશી માણેકજી ધરમશી | જખૌ | ૭૮ |
| ૨૫-૧૧-૧૨ | ભાટાપારા | SUDH | દમયંતી લહેરચંદ મેઘજી ધરમશી | સુથરી | ૫૫ |
| ૫-૧૨-૧૨ | લોનાવલા | SRMT010101 | શામજી દેવાણંધ દેવજી મોતા | સુખપુર | ૧૦૨ |


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

અશ્રુ ખૂટ્યા નથી અમારા અંતરના ઉરમાં....
તમારા ગુણોની યાદ હરહંમેશા રેહશે અમારા દિલમાં...

## શ્રદ્ધાસુમન



મનુષ્ય ગતિમાં અવતરણ
તા. ૭-૩-૧૯૩૭

મોક્ષ ગતિ ઊર્ધ્વારોહણ
તા. ૨૬-૧૧-૨૦૧૨

## સ્વ. શ્રી જેઠાલાલ ડાહયાલાલ ખોના (રંગપુર - મલાડ)

આપના ઉચ્ચ આદર્શ, અત્યંત પરિશ્રમી સ્વભાવ, અતૂટ ધાર્મિક શ્રધ્ધા, પ્રગતિશીલ વિચાર, હસમુખ ચહેરો, સાદગી, સહજતા અને સરલ જીવન અમારા સ્મૃતિપટલ પર સદા અંકિત રહેશે.

આપે કરેલા ધાર્મિક તથા સામાજિક કાર્યો અમોને સદા પ્રેરણા આપતા રહેશે. આપના વિચારશીલ માર્ગનું અનુકરણ કરવું એજ અમારો દયેય રહેશે. અરિહંતદેવનાં સાનિધ્યમાં શાશ્વત સુખ અને શાંતિ આપને પ્રાપ્ત થાઓ એજ પ્રાર્થના સહ તમોને કોટી કોટી વંદન....

## શોકાતુર

આ
પ
નાં



પત્ની : ગં.સ્વ. સુશીલાબેન જેઠાલાલ ખોના.
પુત્રવધુ - પુત્ર : શ્રીમતી નમ્રતાબેન અજય ખોના.
શ્રીમતી પ્રિતીબેન રાકેશ ખોના.
દિકરી - જમાઈ : શ્રીમતી નિલમબેન વિજય લાપસીયા.
શ્રીમતી ભાવિનીબેન હેમલ માલદે.
પૌત્ર - પૌત્રી : ચિ. કિંજલ, ઊર્વિલ, સ્મિત.
દોહિત્ર - દોહિત્રી : ચિ. હર્ષ, પલક, પાર્થ.
સ્વ. માતુશ્રી પ્રેમાબેન ડાહયાલાલ ત્રિકમજી ખોના પરિવાર.
સ્વ. માતુશ્રી માનબાઈ નેણશી નરશી દંડ પરિવાર.

દેહાવસાન અને સ્વરાંજલી પ્રસંગે રૂબરૂ અને ફોન દ્વારા સાંત્વના આપનાર સર્વે સ્નેહી સ્વજનોનો સહૃદયે ઋણ સ્વીકારીએ છીએ.

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## જીવન એવું જીવી ગયા જે કદી ભૂલાય નહી.
## વિદાય એવી લીધી જે કદી વિસરાય નહી.

જન્મ
તા. ૭-૩-૧૯૩૭



અરિહંત શરણ
તા. ૨૬-૧૧-૨૦૧૨

## સ્વ. શ્રી જેઠાલાલ ડાહયાલાલ ખોના
## (રંગપુર - મલાડ)

મહેનતની કર્મભૂમિ પર સાદગીનું બીજ વાવી,
પ્રમાણિકતાનું પાણી પાઈ, સુંદર ઉપવન બનાવી
કુટુંબ માટે એક દ્રષ્ટાંતરૂપ જીવન જીવી ગયા,
મૃત્યુને પણ અમૃત મહોત્સવ બનાવી ગયા.

તમારા દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત
શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે એજ અભ્યર્થના

## શ્રદ્ધાસુમન

સ્વ. માતુશ્રી નવલબેન હંસરાજ શામજી લાપસીયા (દલતુંગી - સાંતાક્રુઝ)
સ્વ. માતુશ્રી શાંતાબેન કિલાચંદ દામજી નાગડા (રંગપુર - ડોંબિવલી)
માતુશ્રી પુષ્પાબેન સોમચંદ પુનશી ઘુલ્લા (દલતુંગી - વડાલા)
માતુશ્રી પુષ્પાબેન રજનીકાંત કરમશી માલદે (દલતુંગી - થાણા)

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**

To,